


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue-03 | AD - 2026, Bhadarva Vad-07 | Saturday, Dt. 03-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

# રાષ્ટ્રપતિએ મંજૂરી આપતા ગુજરાત UCC કાયદો ઘડનાર દેશનું બીજું રાજ્ય બન્યું

અમદાવાદ, તા.૨ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુજરાત સમાન નાગરિક સંહિતા (UCC) બિલ, ૨૦૨૬ને મંજૂરી આપતાં ગુજરાત ઉત્તરાખંડ બાદ UCCને મંજૂરી મેળવનાર દેશનું બીજું રાજ્ય બન્યું છે. ગુજરાત વિધાનસભાએ માર્ચ ૨૦૨૬માં સાડા સાત કલાકની ચર્ચા બાદ બિલ પસાર કર્યું હતું. જોકે કાયદો કઈ તારીખથી અમલમાં આવશે તે રાજ્ય સરકાર ગેઝેટમાં જાહેર કરશે. UCCમાં લગ્ન, છૂટાછેડા, વારસો અને લિવ-ઈન સંબંધો અંગે એકસમાન કાયદાકીય માળખાની જોગવાઈ કરવામાં આવી છે. લગ્નની નોંધણી ફરજિયાત રહેશે અને જીવનસાથી હયાત હોય ત્યારે બીજું લગ્ન કરવા પર પ્રતિબંધ રહેશે. પુત્રીઓ અને પુત્રોને વારસામાં સમાન હકની જોગવાઈ છે. લિવ-ઈન સંબંધોની નોંધણી માટે પણ નિયમો નક્કી કરવામાં આવ્યા છે. કાયદાની જોગવાઈઓમાં અનુસૂચિત જનજાતિના સભ્યોને મુક્તિ આપવામાં આવી છે. બંધારણ હેઠળ સુરક્ષિત કેટલીક પરંપરાગત જોગવાઈઓ ધરાવતા જૂથો પણ તેના કાર્યક્ષેત્રથી બહાર રહેશે. બિલ પસાર કરતી વખતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે UCCને સમાન અધિકારો સાથે જોડયું હતું. બીજી તરફ વિપક્ષે બિલ અંગે વિવિધ વાંધા ઉઠાવ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ૨૦૨૯ પહેલાં NDA શાસિત રાજ્યોમાં UCC લાગુ કરવાની જાહેરાત કરી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.















### પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં

# કુંકાવાવ-વડીયા તાલુકામાં 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૦૨

કુંકાવાવ-વડીયા તાલુકા કક્ષાનો 'સેવા સેતુ' કાર્યક્રમ રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને નિકોલ-અમદાવાદ વિસ્તારના ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં પંથકના અનેક નાગરિકોએ ઉપસ્થિત રહી વિવિધ સરકારી સેવાઓનો લાભ લીધો હતો. કાર્યક્રમ સ્થળે નાગરિકોને એક જ સ્થળેથી સરકારી સેવાઓ મળી રહે તે માટે વિવિધ વિભાગો દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી.

સેવા સેતુ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, આવકના દાખલા, જાતિના દાખલા, રેશનકાર્ડ સહિતની વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓને લગતી કામગીરી કરવામાં આવી હતી. નાગરિકોને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. જેના કારણે વિવિધ સરકારી કચેરીઓના ધક્કા ખાવા ન પડે અને જરૂરી સેવાઓ સરળતાથી મળી રહે તેવો હેતુ સાકાર થયો હતો.



આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ સંગઠનો તેમજ સમાજના આગેવાનો દ્વારા ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, 'સેવા સેતુ'ના માધ્યમથી નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાઓનો લાભ મળી રહ્યો છે અને વહીવટી પ્રક્રિયા સરળ બની રહી છે. છેવાડાના નાગરિકો સુધી સરકારી યોજનાઓ અને સેવાઓ પહોંચે તે માટે આવા કાર્યક્રમો મહત્વપૂર્ણ બની રહ્યા છે.

ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ગુજરાતમાંથી શરૂ થયેલો સેવા સેતુ કાર્યક્રમ છેવાડાના નાગરિકો સુધી સરકારી સેવાઓ પહોંચાડવામાં મહત્વપૂર્ણ સાબિત થયો છે. કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ, અમરેલી જિલ્લાના અતુલભાઈ કાનાણી, અભયસિંહ ચૌહાણ, અનિરુધ્ધભાઈ દવે, બગસરા પ્રાંત અધિકારી કુંભાણી, વડિયા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને અમરેલીમાં સશસ્ત્ર દળ સન્માન કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૨

અમરેલીની વિદ્યાસભા સ્કૂલ ખાતે 'સશસ્ત્ર દળ સન્માન કાર્યક્રમ' યોજાયો હતો. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં દેશની સરહદોની રક્ષા કરતા અમરેલી જિલ્લાના વીર જવાનોના પરિવારો તેમજ શહીદ પરિવારોનું ભાવસભર સન્માન કરવામાં આવ્યું હતું. પ્રસંગે કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, દેશના વીર જવાનો સુખ-ચેનનો ત્યાગ કરીને સરહદો પર ખડેપગે ફરજ બજાવે છે, જેના કારણે નાગરિકો નિર્ભય જીવન જીવી શકે છે. ઉનાળાની આકરી ગરમી હોય કે હાડ થીજાવતી ઠંડી, જવાનો તમામ કપરી પરિસ્થિતિમાં દેશની સુરક્ષા માટે તૈનાત રહે છે. કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, જિલ્લા પંચાયતના હોદ્દેદારો, વિદ્યાસભા સ્કૂલ કેમ્પસના ડિરેક્ટર વસંતભાઈ પેથાણી, સહિત મોટી સંખ્યામાં જવાનોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.



# થોરડી ગામે મહાત્મા ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન યોજાયું

અમરેલી,તા.૦૨

થોરડીમાં મહાત્મા ગાંધી જયંતિના પાવન અવસરે લોકવિદ્યા મંદિર હાઈસ્કૂલ તથા થોરડી ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે ગામમાં સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. અભિયાન અંતર્ગત ગામની ગૌશાળા, સ્મશાનભૂમિ, બસ સ્ટેન્ડ, ચોરા વિસ્તાર, રામજી મંદિર તેમજ જાહેર રોડ-રસ્તાઓ સહિતના વિવિધ સ્થળોએ સફાઈ કામગીરી કરવામાં આવી હતી. ગ્રામજનોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવા અને 'સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ'નો સંદેશ પહોંચાડવાના હેતુથી યોજાયેલા આ અભિયાનમાં શાળા પરિવાર, ગ્રામ પંચાયતના સભ્યો તથા ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



# રાજુલા તાલુકાના વિક્ટર ગામે લેબર ક્વાર્ટર વિસ્તારમાંથી ૯ જુગારી ઝબ્બે

**રૂ. ૧૭,૫૬૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો**

રાજુલા, તા.૦૨

રાજુલાના વિક્ટર ગામે લેબર ક્વાર્ટર વિસ્તારમાંથી ૯ જુગારી રૂ. ૧૭,૫૬૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.મરીન પીપાવાવ પોલીસમાંથી મળતી વિગત પ્રમાણે, વિક્ટર ગામે રાજુભાઈ બાબુભાઈ વાજાની પાન-માવાની દુકાન સામે જાહેર રસ્તા ઉપર ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમાઈ રહ્યો હતો. પોલીસની રેડ દરમિયાન મનસુખભાઈ ઉર્ફે માનસંગ ભાણાભાઈ બારૈયા, રાજદીપભાઈ જાદવભાઈ બાંભણીયા, સુરેશભાઈ ભીખાભાઈ મકવાણા, રામભાઈ નાથાભાઈ મકવાણા, શૈલેષભાઈ જીવાભાઈ શીંગડ, સુરેશભાઈ ભગુભાઈ જોળીયા, વિનુભાઈ લખમણભાઈ ગુજરીયા, સંતોષભાઈ કાળુભાઈ સોલંકી તથા બાબુભાઈ રૂપાભાઈ સાંખટ રોકડ રકમ રૂ. ૧૭,૫૬૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. બનાવ અંગે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયામોટા ગ્રામ પંચાયતની સ્વચ્છતા વ્યવસ્થા સામે સવાલો ઉઠ્યા

લીલીયા,તા.૦૨

લીલીયામોટા ગામમાં સ્વચ્છતા વ્યવસ્થાને લઈને સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. ગામના વિવિધ વિસ્તારોમાં કચરાના ઢગલા તેમજ તૂટેલી અને ઊંધી કચરાપેટીઓ જોવા મળતી હોવાની ફરિયાદો ઉઠી છે. કચરો સમયસર ઉપાડવામાં ન આવતાં ગંદકી વધતી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. કચરામાં રહેલું પ્લાસ્ટિક રખડતા પશુઓ ખાઈ જતાં તેમના આરોગ્ય સામે પણ જોખમ ઊભું થવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. સફાઈ કર્મચારીઓના જણાવ્યા મુજબ, ગલીઓમાંથી એકત્ર કરાયેલો કચરો સમયસર ઉપાડવા માટે પંચાયતનું વાહન ઉપલબ્ધ ન થતું હોવાના કારણે કચરો પડેલો રહે છે. ગામમાં કેટલાક સ્થળોએ કચરો સળગાવવામાં આવતો હોવાના પણ આક્ષેપો થયા છે. પ્લાસ્ટિક સળગાવવાથી ધુમાડો અને દુર્ગંધ ફેલાતી હોવાની ફરિયાદ છે. ગ્રામ પંચાયતના પાછળના ભાગે તેમજ કન્યા શાળાના ગેટ નજીક પણ કચરાના ઢગલા હોવાની રજૂઆત થઈ છે. પંચાયત તંત્ર દ્વારા નિયમિત સફાઈ, કચરાના સમયસર પરિવહન અને યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવા માંગ કરવામાં આવી છે.



**કચરાના ઢગલા, તૂટેલી કચરાપેટીઓ અને ખુલ્લામાં કચરો સળગાવાતો હોવાના સ્થાનિકોના આક્ષેપો**

# રાજુલા જનરલ હોસ્પિટલની આધુનિક ICU એમ્બ્યુલન્સનું હીરાભાઈ સોલંકીના હસ્તે લોકાર્પણ

રાજુલા,તા.૦૨

રાજુલા શહેરની જનરલ હોસ્પિટલ ખાતે પ્રધાનમંત્રી ખનીજક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન, અમરેલી દ્વારા ફાળવવામાં આવેલી અત્યાધુનિક ICU એમ્બ્યુલન્સનું લોકાર્પણ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવ્યું હતું. હોસ્પિટલ અધિક્ષક ડૉ. શક્તિરાજ ખુમાણે દર્દીઓને ઉત્તમ આરોગ્ય સેવાઓ આપવાની કટિબધ્ધતા દર્શાવી હતી. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ મયુર દાદા, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ વાઘ, રવુભાઈ ખુમાણ, વનરાજભાઈ વરુ, ચીફ ઓફિસર, એન્જિનિયર પ્રભાતભાઈ જોશી, ડ્રાઈવર પરેશભાઈ દેવેરા તેમજ હોસ્પિટલ સ્ટાફ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : ગોપાલ રાઠોડ

# નાની કુંડળમાં વન્યજીવ સંરક્ષણ અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

નાની કુંડળ, તા.૦૨

બાબરા તાલુકાના નાની કુંડળ ગામે સામાજિક વનીકરણ રેન્જ, બાબરા દ્વારા વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન અભિયાન અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગ્રામજનોમાં વન્યજીવો પ્રત્યે જાગૃતિ કેળવવા તેમજ સુરક્ષા અંગે માર્ગદર્શન આપવાનો હતો. આ પ્રસંગે સરપંચ વિનોદભાઈ તલાવડીયા, ઉપસરપંચ અશ્વિનભાઈ સોલંકી, બાબરા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન માધવભાઈ કટારીયા, અગ્રણી નારણભાઈ ભાલીયા, ફોરેસ્ટર આર.બી. કેસરિયા, ફોરેસ્ટર ચંદ્રિકાબેન ધાંધલીયા, ફોરેસ્ટ ગાર્ડ હિરલબેન, રજનીભાઈ સહિત વન વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : નારણભાઈ ભાલીયા

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**રાત્રિના સમયે ભારે વાહનો ઘુસી જતા હોવાથી નાના વાહનચાલકો માટે માથાનો દુઃખાવો**

# અમરેલીમાં રૂપમ વિસ્તાર પાસે રાત્રિના સમયે થતી ટ્રાફિક જામની સમસ્યા

અમરેલી,તા.૦૨

અમરેલીના રૂપમ વિસ્તારમાં માર્ગ બનાવવાની કામગીરી ચાલુ હોવાથી એક બાજુનો રસ્તો જ ખુલ્લો હોવાથી રાત્રીના સમયે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. જેથી આ માર્ગને વન-વે તરીકે જાહેર કરવા અધિક કલેકટર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. અમરેલીના રૂપમ વિસ્તારમાં છેલ્લાં ૧૫ દિવસથી માર્ગનું ખોદકામ ચાલી રહ્યુ છે જો કે દિવસ દરમિયાન ભારે વાહનો મણીનગર થઈને જતા હોવાથી ટ્રાફિક સમસ્યા નહિવત હોય છે પરંતુ રાત્રિના સમયે ભારે વાહનોને પોલીસનો પણ કંઈ જ ડર ન હોય તેમજ વાહનો ઘુસી જતા હોવાથી ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. ટ્રકચાલકો મનસ્વી રીતે ટ્રક આ માર્ગ પર ઘુસાડી દેતા હોવાથી મોટા વાહનો સામસામા ભેગા થઈ જાય છે જેના કારણે વાહનોની લાંબી કતારો જોવા મળે છે આ બાબતે અધિક કલેકટર દ્વારા ભારે વાહનો માટે જાહેરનામુ બહાર પાડી ભારે વાહનોને મણીનગર વિસ્તારમાંથી ચલાવવા માટે સુચના આપવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.



તસવીર : મયુર પંડ્યા

**અધિક કલેકટર વન-વે માર્ગ માટે જાહેરનામુ બહાર પાડે તેવી માંગ**

# અમરેલી જિલ્લામાં મતદારયાદી સુધારણા માટે વિશેષ ઝુંબેશ યોજાશે

અમરેલી, તા.૦૨

ભારતના ચૂંટણી પંચ દ્વારા સતત મતદારયાદી સુધારણા પ્રક્રિયા અંતર્ગત યુવા તથા પ્રથમ વખત મતદાર તરીકે પાત્ર નાગરિકોની નોંધણી માટે તા.૧ ઓક્ટોબરથી વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશમાં લાયક નાગરિકો મતદારયાદીમાં નામ નોંધાવી શકશે તેમજ અગાઉથી નોંધાયેલા મતદારો પોતાની વિગતોમાં જરૂરી સુધારા કરાવી શકશે. નામ કમી કરવા માટેના નિયત ફોર્મ પણ રજૂ કરી શકાશે.

અમરેલી જિલ્લામાં તા.૧૧, ૧૮, ૨૫ ઓક્ટોબર અને તા.૧ નવેમ્બરના રોજ ખાસ ઝુંબેશ યોજાશે. આ દિવસોમાં જિલ્લાના ૧,૪૬૧ મતદાન મથકો પર બુથ લેવલ અધિકારીઓ સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી હાજર રહી નામ નોંધણી, વિગતોમાં સુધારા અને નામ કમી કરવા અંગેના ફોર્મ સ્વીકારશે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પાત્ર યુવાનો અને પ્રથમ વખત મતદાર બનનાર નાગરિકોને આ ઝુંબેશનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે મતદાર હેલ્પલાઈન ટોલ-ફ્રી નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી શકાશે.

# બાલાની વાવ નજીક કાર પલટી, બે લોકોને ઈજા



રાજુલા, તા.૦૨

ભાવનગર-સોમનાથ હાઈવે પર બાલાની વાવ નજીક કાર પલટી જતાં અકસ્માત સર્જાયો હતો. કારમાં ચાર લોકો સવાર હતા, જેમાંથી બે વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. બનાવની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક રાજુલાની ખાનગી કાશીબા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતાં નાગેશ્રી પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર બનાવ અંગે માહિતી મેળવી હતી. પોલીસે અકસ્માત અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલીમાં ભંગારના ડેલામાં લાગેલી આગ પર ફાયર ટીમે કાબુ મેળવ્યો

અમરેલી, તા.૦૨

અમરેલી શહેરના સાવરકુંડલા રોડ બાયપાસ ફાટક પાસે આવેલ મીરા એન્ટરપ્રાઈઝના ભંગારના ડેલામાં આગ લાગ્યાની જાણ અમરેલી ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવી હતી. જાણ મળતા ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ બે વોટર બાઉઝર સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ટીમે પાણી અને ફોમનો સતત મારો ચલાવી આશરે ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. કર્મચારીઓએ વહેલી સવારના સમયે જીવના જોખમે કામગીરી કરી આગને વધુ ફેલાતી અટકાવી હતી. કામગીરીમાં પ્રવિણભાઈ ચોહાણ, ભગવતસિંહ ગોહિલ, સાગરભાઈ પુરોહિત, કૃષ્ણભાઈ ઓળકીયા, જગદીશભાઈ ભુરીયા, અરુણભાઈ વાઘેલા, કૌશિકભાઈ પરમાર અને મિલનભાઈ ગાંભવાએ ફરજ બજાવી હતી.



# રાજુલા ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી એસો. દ્વારા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીનું સન્માન

રાજુલા, તા.૦૨

રાજુલા શહેરના ફોટોગ્રાફી એન્ડ વિડીયોગ્રાફી એસોસિએશન દ્વારા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીનું સન્માન કરવામાં આવ્યું હતું. યાત્રા પૂર્ણ કરીને પરત ફર્યા બાદ એસોસિએશનના હોદ્દેદારો તથા સભ્યો દ્વારા તેમની કચેરી ખાતે સન્માન કરાયું હતું. આ પ્રસંગે હરેશભાઈ તેરૈયા, કીર્તિભાઈ તલાટી, મનસુખભાઈ વાઘેલા, અશોકભાઈ શિયાળ, રફિકભાઈ, પ્રવીણભાઈ સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

હીરાભાઈ સોલંકીએ નવી ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ જરૂરિયાતના સમયે મળતા સહકાર બદલ એસોસિએશનનો આભાર માન્યો હતો.



તસવીર :ગોપાલ રાઠોડ

# દામનગરમાં યુવક સહકારી તાલીમ વર્ગના પ્રમાણપત્રોનું વિતરણ કરાયું

દામનગર, તા.૦૨

ગુજરાત રાજ્ય સહકારી સંઘના આશ્રયે દામનગર સ્થિત શ્રી સહજાનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તા. ૯થી ૧૪ માર્ચ દરમિયાન યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો હતો. તાલીમમાં વિદ્યાર્થીઓએ નિયમિત હાજરી આપી સહકારી ક્ષેત્ર અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. વિદ્યાર્થીઓને યુવક સહકારી તાલીમના પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષભાઈ સંઘાણી, કોઠારી સ્વામી ચંદ્રપ્રસાદદાસ સ્વામીજી, હરજીભાઈ નારોલા, કોલેજના પ્રિન્સિપાલ નિલેશભાઈ કોલડીયા સહિત મહાનુભાવો તથા સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.



**'તમારા દિકરાને ઘરે રાખવો હોય તો મને વાંધો નથી' તેમ કહેતા જ**

# બાબરામાં પરિણીતાને સાસરીયાએ એક સંપ કરી માર માર્યો

**મોઢાના ભાગે ઝાપટ મારી ઢીકાપાટુનો માર મારતા પરિણીતાએ પોલીસ ફરીયાદ નોંધાવી**

બાબરા, તા.૦૨

બાબરામાં રહેતી એક પરિણીતાએ 'તમારા દીકરાને ઘરે રાખવો હોય તો મને વાંધો નથી' તેમ કહેતાં તેને ફટકારવામાં આવી હતી. પરિણીતાએ વર્ષ ૨૦૨૩માં પ્રેમલગ્ન કર્યા હતા. બનાવ અંગે વર્ષાબેન ધવલભાઈ દેત્રુજા (ઉ.વ.૩૩)એ પતિ ધવલભાઈ રવજીભાઈ દેત્રુજા, મંજુબેન રવજીભાઈ દેત્રુજા, રવજીભાઈ દેત્રુજા તથા પારસભાઈ રવજીભાઈ દેત્રુજા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે ૨૦૨૩માં ધવલભાઈ રવજીભાઈ દેત્રુજા સાથે પ્રેમલગ્ન કર્યા હતા અને બાબરા મુકામે ભાડાના મકાનમાં રહેતા હતા.

અન્ય આરોપીઓ તેના પતિને તેની વિરુધ્ધ ચડામણી કરતા હતા, જેથી પતિ મૂંઢમાર મારી, ગાળો આપી ઝઘડો કરતો હતો. તેમણે તા.૨૬/૦૭/૨૦૨૬ના રોજ પોતાની સાસરીમાં જઈ સસરા રવજીભાઈ દેત્રુજાને કહ્યું હતું કે, 'તમારા દીકરાને ઘરે રાખવો હોય તો મને વાંધો નથી, પરંતુ જ્યારે હોય ત્યારે તે મારા ઘરે આવી મને માર શું કામ મારે છે?' તેમ કહેતાં તમામ આરોપીઓએ જેમફાવે તેમ ગાળો આપી હતી. પતિએ તેમને મોઢાના ભાગે ઝાપટ મારી શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો. અન્ય આરોપીઓ અવારનવાર નાની-નાની વાતોમાં મેણાટોણા મારી શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. બી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# રશિયાના યુવા મહોત્સવમાં સાવરકુંડલાના યુવાનનું 'અતિથિ દેવો ભવ' વિષયક વક્તવ્ય

સાવરકુંડલા,તા.૦૨

સાવરકુંડલાના ધ્યેયરાજસિંહ અર્જુનસિંહ પરમારે રશિયાના યેકાટેરિનબર્ગ ખાતે તા. ૧૧થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલા આંતરરાષ્ટ્રીય યુવા મહોત્સવ-૨૦૨૬માં ભાગ લીધો હતો. ૧૯૧ દેશોના આશરે ૫,૦૦૦ યુવાનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધ્યેયરાજસિંહે 'અતિથિ દેવો ભવ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું અને રશિયાની ઐતિહાસિક-સાંસ્કૃતિક વિરાસતનો પરિચય મેળવ્યો હતો.



# બગસરા ભાજપના કાર્યક્રમમાં પાલિકા સદસ્યોની ગેરહાજરીથી ચર્ચા

**પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ગેરહાજર સદસ્યો અંગે પૂછપરછ કરતાં સંગઠનમાં કાર્યવાહી અંગે અટકળો**

બગસરા, તા.૦૨

બગસરા ખાતે ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં કાર્યકર્તાઓ અને હોદ્દેદારો સાથે સંવાદ માટે વિશેષ બેઠક યોજાઈ હતી. સંગઠન દ્વારા તાલુકા અને શહેરના તમામ પદાધિકારીઓ તથા સક્રિય કાર્યકર્તાઓને હાજર રહેવા સૂચના આપવામાં આવી હતી. તેમ છતાં કાર્યક્રમમાં ધાર્યા કરતા ઓછી હાજરી જોવા મળી હતી. ખાસ કરીને બગસરા નગરપાલિકાના કુલ ૨૨ ચૂંટાયેલા સદસ્યોમાંથી માત્ર ૧૪ સદસ્યો હાજર રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. બાકીના સદસ્યોની ગેરહાજરી અંગે પ્રદેશ પ્રમુખે બેઠક દરમિયાન જ પૂછપરછ કરી હતી. પક્ષના મહત્વના સંગઠનાત્મક કાર્યક્રમમાં સદસ્યોની ગેરહાજરીને લઈને સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. આ ઘટનાને પગલે ગેરહાજર રહેલા હોદ્દેદારો અને સદસ્યો સામે પક્ષ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે અંગે પણ અટકળો ચાલી રહી છે.



તસવીર : હાર્દિક બામટા

# જિલ્લામાંથી પાંચ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે પાંચ પ્યાસીઓને ઝડપી પાડ્યા હતા. વડિયા, દેવળિયા, કેરિયાનાગસ, બાબરા અને ચલાલામાંથી એક-એક ઈસમ કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. આ સિવાય જિલ્લામાં બે શખ્સો પાસેથી પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ. રમણિકલાલ ત્રિભોવનદાસ ઝીંઝુવાડીયાના સુપુત્ર લલિતભાઈ (દીપુભાઈ) (ઉ.વ.૬૦)નું તા. ૦૨/૧૦/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ. મગનભાઈ, સ્વ. હસુભાઈ તથા દિનેશભાઈના ભત્રીજા તથા સુરેશભાઈ, સરોજબેન, રંજનબેન, હસુબેનના મોટાભાઈ, ધર્મેશ તથા ગોપાલના પિતાશ્રીનું આજે રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.03/૧૦/૨૦૨૬ને શનિવારના રોજ બપોરે ૪ થી ૬ કલાકે ૐકારેશ્વર મહાદેવ, શિવધારા પાર્ક, રાજલક્ષ્મી સોસાયટી, મોરબી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.









# અમરેલીની ગજેરા સંકુલ ખાતે નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત ચિત્ર-વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા.૦૨

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટ માધ્યમિક મિશ્ર શાળા અને લેઉવા પટેલ ટ્રસ્ટ ઉચ્ચતર માધ્યમિક મિશ્ર શાળા, અમરેલી ખાતે 'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ચિત્ર તથા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન



કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્પર્ધાઓના માધ્યમથી વિદ્યાર્થીઓમાં નશામુક્તિ અંગે જાગૃતિ લાવવાનો હતો. શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) ખાતે આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લા પ્રોહિબિશન વિભાગના અવનિબેન દવે તથા સરવૈયા ધર્મિષ્ઠાબેન તેમજ SOG વિભાગના SC ચૌહાણ સર અને AR ચૌહાણ સર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આયોજિત સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી ક્રમ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને ઈનામનું વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# મહેશ કસવાલાની હાજરીમાં લીલીયા સિવિલ હોસ્પિટલ ખાતે રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઈ

લીલીયા, તા.૦૨

લીલીયા સિવિલ હોસ્પિટલ ખાતે રોગી કલ્યાણ સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. પ્રાંત અધિકારી જીલ પટેલના અધ્યક્ષસ્થાને તેમજ સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં હોસ્પિટલની આરોગ્યલક્ષી સેવાઓ, દર્દીઓને મળતી સુવિધાઓ તથા વહીવટી અને વિકાસલક્ષી



વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં દર્દીઓને વધુ સારી આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે જરૂરી સુવિધાઓમાં વધારો કરવા તેમજ ઉપલબ્ધ વ્યવસ્થાઓને વધુ અસરકારક બનાવવા અંગે ચર્ચા થઈ હતી. હોસ્પિટલના સર્વાંગી વિકાસ માટે જરૂરી કામગીરી અંગે પણ અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. દર્દીઓ અને તેમના પરિવારજનોને અગવડ ન પડે તે માટે જરૂરી કામગીરીને પ્રાથમિકતા આપવા માર્ગદર્શન અપાયું હતું. બેઠકમાં મામલતદાર વાડા, CHC અધિક્ષક ડો. ડી.પી. ગાંધી, ડો. એ.આર. પ્રકાશ, તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી સહિત અધિકારીઓ અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# દહીંથરા ગામની ગૌશાળા નજીક ડમ્પરમાંથી ઈંગ્લિશ દારૂની ૧૯ બોટલ પોલીસે ઝડપી

અમરેલી, તા.૦૨

**જિલ્લામાં ૬ ઈસમો પીધેલી હાલતમાં પોલીસના હાથે ઝડપાયા**

દામનગર-ઢસા રોડ પર આવેલા દહીંથરા ગામની ગૌશાળાથી આગળ ઢસા તરફના ભડિયા વિસ્તારમાંથી એક ડમ્પરમાંથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની વિવિધ બ્રાન્ડની ૧૯ બોટલ ઝડપાઈ હતી.આ ઉપરાંત, રૂગનાથપુર (ખોડી) ગામેથી બે લિટર તથા જાફરાબાદ સામાકાંઠા ફિશિંગ જેટીમાંથી બે લિટર મળી કુલ ચાર લિટર દેશી દારૂ પકડાયો હતો.

જ્યારે અમરેલીમાંથી ત્રણ તેમજ કોટડા, સાવરકુંડલા અને કાંચરડીમાંથી એક-એક મળી કુલ છ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપાયા હતા.

# રાજુલા ખાતે CSPCના IDBI પ્રોજેક્ટ અંતર્ગત જળ સાક્ષરતા કાર્યશાળા યોજાઈ

રાજુલા,તા.૦૨

CSPC સંસ્થાના IDBI પ્રોજેક્ટ અંતર્ગત રાજુલા ખાતે ઘેરાતા જળસંકટ અને ભૂગર્ભ જળના તળ ઊંડા જવાની સમસ્યા સામે ગ્રામીણ વિસ્તારોને સક્ષમ બનાવવા 'જળ સાક્ષરતા' અંગે એકદિવસીય કાર્યશાળા યોજાઈ હતી.

જેમાં ૨૦ ગામોના ૧૨૦થી વધુ વોટર યુઝર ગ્રુપના પ્રતિનિધિઓએ




જળ સુરક્ષા માટે સંગઠિત પ્રયાસોનો સંકલ્પ લીધો હતો. સંસ્થાના સિનિયર પ્રોગ્રામ મેનેજર કેતનભાઈ હિંગુએ સહભાગીઓને આવકારી સમુદાયની ભાગીદારી પર ભાર મૂક્યો હતો.

નિષ્ણાત ટ્રેનર ગૌરવભાઈ ઠક્કરે પ્રેઝન્ટેશન અને ફિલ્મો દ્વારા પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

એરિયા મેનેજર ચંદ્રશેખરભાઈ શ્રીવાડકરે ખેડૂતોને ટપક-ફુવારા પદ્ધતિ અપનાવવા તેમજ 'ખેત ત્યાં તલાવડી' અને રેનવોટર હાર્વેસ્ટિંગને જનઆંદોલન બનાવવા આહવાન કર્યું હતું. બ્લોક કોર્ડીનેટર ઈકબાલભાઈ લાખા અને ટીમે ગ્રામજનોને જળ સંરક્ષણ માટે સક્રિય રહેવા પ્રોત્સાહિત કર્યા હતા.

# લાઠીમાં ખેલ મહાકુંભ અંતર્ગત યોગાસન સ્પર્ધામાં પાડરશીંગા શાળાના વિદ્યાર્થીઓએ સિદ્ધિ મેળવી

લાઠી, તા.૦૨

તા.૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ લાઠી તાલુકા શાળામાં યોજાયેલ ખેલ મહાકુંભ અંતર્ગત યોગાસન



વ્યક્તિગત ચેમ્પિયનશીપમાં પાડરશીંગા કુમાર સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ડાભી કેવલ સંજયભાઈએ દ્વિતીય અને મકવાણા હર્ષ સંજયભાઈએ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય સંગીતાબેન ડાભી, ભગીરથસિંહ ગોહિલ, દામનગર પે. સેન્ટરના આચાર્ય નરેશભાઈ ડોડીયા તથા ટી.પી.ઈ.ઓ. ગૌરાંગભાઈ, સરપંચે વિજેતા વિદ્યાર્થીઓ અને યોગ શિક્ષક કમલેશ કે. તરખાલાને અભિનંદન પાઠવ્યા હતા.

# ખાંભાના લાસા ગામે પતિએ જુના ઘરે રહેવા જવાનું કહેતા પત્નીએ ના પાડતા ફટકારી

ખાંભા, તા.૦૨

**જેઠે જાનથી મારી નાખવાની ધમકી આપી**

હાલ સાવરકુંડલાના ઘાંડલા ગામે રહેતાં અંજુબેન પ્રવીણભાઈ દાફડા (ઉ.વ.૩૦) એ ખાંભાના લાસા ગામે રહેતા પતિ પ્રવિણભાઈ ખોડાભાઈ દાફડા તથા જેઠ રવજીભાઈ ખોડાભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તા. ૨૫/૦૯/૨૬ના રોજ સવારે આશરે આઠેક વાગ્યે તેઓ તથા તેમના પતિ ઘરે હાજર હતા, તે દરમિયાન પતિએ કહ્યું હતું કે, 'આપણે આપણા જૂના ઘરે લાસા ગામે રહેવા જતા રહીએ.' તેમણે જવાની ના પાડતાં જણાવ્યું હતું કે, 'આપણા જૂના ઘરે મારા સાસુ-સસરા તથા જેઠ રહેતા હોય, જો ત્યાં જઈએ તો ઝઘડા થાય, તેથી મારે ત્યાં રહેવા જવું નથી.' જેથી પતિ એકદમ ઉશ્કેરાઈને જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા અને શરીરે આડેધડ ઢીકાપાટુનો મૂંઢમાર માર્યો હતો. જેઠ પણ જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા અને માર મારવા દોડ્યા હતા. તેમના જેઠે તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી અવારનવાર ઝઘડો કર્યો હતો. પતિ અને જેઠ બંને જેમફાવે તેમ ગાળો આપી અવારનવાર શારીરિક તથા માનસિક ત્રાસ આપતા હતા.

બનાવ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. પી. ઘાંઘળ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારી તાલુકાના ગીગાસણ ગામે યુવકને ગાળો બોલી જાનથી મારવાની ધમકી

**લાકડી-પાઈપના ઘા મારી ફ્રેક્ચરની ઈજા કરી**

ધારી, તા.૦૨

ધારીના ગીગાસણ ગામે યુવકને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે સુરેશભાઈ માધાભાઈ વાઘેલા (ઉ.વ.૨૫)એ અલ્પેશ ઉર્ફે જીગાભાઈ શામજીભાઈ વાઘેલા, હાર્દિકભાઈ શામજીભાઈ વાઘેલા, રાજુભાઈ ભીખાભાઈ વાઘેલા, લીલાબેન શામજીભાઈ વાઘેલા તથા દયાબેન ચીમનભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના ભાણેજે આરોપી અલ્પેશ વાઘેલાની બહેનને ભગાડી લઈ જઈ લગ્ન કરી લીધા હતા. જે બાબતે તેમના તથા આરોપીના પરિવાર વચ્ચે મનદુઃખ ચાલતું હતું. તેમના મોટાભાઈ સાહેદ ભાવેશભાઈના દીકરા તથા રાજુભાઈ વાઘેલાના દીકરા વચ્ચે ઝગડો થયો હતો. જે બાબતે તેમના ભાભી સંગીતાબેને આરોપીઓને ઠપકો આપ્યો હતો. જે બાબતનું મનદુઃખ રાખી ભાવેશભાઈ બજારમાં નીકળ્યા ત્યારે અલ્પેશ વાઘેલાએ ગાળો આપી બોલાચાલી કરી હતી. જેથી તેઓ સમજાવવા જતા અન્ય આરોપીઓ આવી ગયા હતા. આરોપીઓએ તેમને પકડી લીધા હતા અને લાકડી-પાઈપના ઘા મારી ફ્રેક્ચરની ઈજા પહોંચાડી હતી. તેમજ તમામ આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી તેમને તથા સાહેદને જેમફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા.૦૩-૧૦-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૧૪,
સૂર્યાસ્ત-૦૬:૦૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

તા.૦૩-૧૦-૨૦૨૬ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો. તમારી અને ભાગીદારોની કમાણી કરવાની કોઈ બાબતે અલગ પડી શકો છે.

વૃષભ: આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે.

મિથુન: આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે અને તમારે મહેનતથી કામ કરવાની જરૂર છે. આ સમયે તમારા વ્યવસાયમાં ઉતાર-ચઢાવને સંભાળવાની જરૂર છે.

કર્ક: આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઇચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

સિંહ: આજનો દિવસ તમારા માટે સારો છે. અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે. જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ.

કન્યા: આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઇક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે.

તુલા: આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેર બજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં. તમને ભારે નુકસાન થઈ શકે છે.

વૃશ્ચિક: તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે. તમારે કોઈ શંકા અને વિચારણા કર્યા વિના તમારી ફરજમાં રોકાયેલા રહેવું જોઈએ.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે.

કુંભ: આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે.

# બગસરામાં ICDS વિભાગનો આંગણ મિલન સેવા કાર્યક્રમની ઉજવણી કરાઈ

બગસરા, તા.૦૨

સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત બગસરા તાલુકાના તમામ આંગણવાડી કેન્દ્રોમાં તા.૨૫ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર સુધી આંગણ મિલન સેવા કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. જેના ભાગરૂપે ગોકુળપરા-૧ આંગણવાડી ખાતે ICDS બગસરા દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન છોડવડિયા, બાંધકામ સમિતિના



તસવીર : હાર્દિક બામટા

ચેરમેન પ્રકાશભાઈ પાનસુરીયા, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ ગોંડલીયા, તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ ભેસાણીયા, શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી, આરતીબેન વણપરીયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ આંગણવાડીની કામગીરી નિહાળી હતી. દક્ષાબેન છોડવડિયાએ આંગણવાડી માટે સ્માર્ટ બોર્ડ આપવાની જાહેરાત કરી હતી. બાળકોને ફળ-સુખડી અને THRનું વિતરણ કરાયું હતું. કુપોષિત બાળકોને પોષણ ચેમ્પિયન એવોર્ડ તથા આંગણવાડી કાર્યકર, તેડાગર અને આશાવર્કર બહેનોને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા હતા. માતાઓ સાથે પોષણ અંગે જાગૃતિ બેઠક પણ યોજાઈ હતી.

# સાચું સોનાનું મોતી આપી વિશ્વાસમાં લઈ ખોટો સોનાનો દાગીનો પધરાવી દીધો

**લાઠીના હાવતડ ગામના ખેડૂત સાથે રૂ. ૨.૨૦ લાખની ઠગાઈ**

લાઠી, તા.૦૨

લાઠીના હાવતડ ગામના ખેડૂતને સોનાનું સાચું મોતી આપી વિશ્વાસમાં લીધા બાદ ખોટો સોનાનો દાગીનો આપી રૂ. ૨.૨૦ લાખની ઠગાઈ આચરવામાં આવી હતી. આ અંગે મધુભાઈ માવજીભાઈ રંઘોળીયા (ઉ.વ.૫૨) એ બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીઓએ ખેડૂતના ઘરે આવી શરૂઆતમાં સોનાનું સાચું મોતી આપ્યું હતું. ત્યારબાદ તેમને લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા અને ખોટો સોનાનો દાગીનો આપી વિશ્વાસઘાત કરી રૂ. ૨,૨૦,૦૦૦ રોકડા મેળવી ઠગાઈ આચરી હતી. બંને આરોપીઓએ પોતાનો આર્થિક લાભ મેળવવાના સમાન ઈરાદાથી આ ગુનો આચર્યો હતો. બનાવ અંગે લાઠી પોલીસ સ્ટેશનના પી. આઈ. એમ. બી. ચૌહાણ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# બગસરામાં સુંદરકાંડ મહિલા મંડળ દ્વારા શ્રીરામ પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન

બગસરા, તા.૦૨

બગસરા સુંદરકાંડ મહિલા મંડળ દ્વારા તા.૨૭ સપ્ટેમ્બરથી તા.૫ ઓક્ટોબર સુધી અમરેલી રોડ પર આવેલી લોહાણા મહાજન વાડી ખાતે શ્રીરામ પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન શ્રીરામ જન્મની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને શ્રીરામલલાના લગ્નની પણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. વ્યાસપીઠ પરથી શાસ્ત્રી અશોકભાઈ જોશી સંગીતમય




શૈલીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે. પારાયણમાં આવતા વિવિધ પ્રસંગોની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહી લાભ લઈ રહ્યા છે.

વધુમાં વધુ લોકો લાભ લે તે માટે મહિલા મંડળ દ્વારા જાહેર નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# બાબરાના અમરાપરામાં આંગણઉત્સવની ઉત્સાહભેર ઉજવણી

બાબરા, તા.૦૨

બાબરા શહેરના અમરાપરા વિસ્તારમાં તાવેથીયા શેરી ખાતે આવેલી આંગણવાડીમાં આંગણઉત્સવ-૨૦૨૬ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમમાં મુકેશભાઈ ખોખરીયા, ભરતભાઈ ભારદીયા તેમજ અસ્મિતાબેન અજીતભાઈ



તસવીર : વિજય માળી

ખોખરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકોનો ઉત્સાહ વધારી આવા કાર્યક્રમો બાળકોમાં આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતા વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે બાળકોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા દર્શનાબેન સોરઠીયા, આરતીબેન જોશી, જયશ્રીબેન રમણા સહિતે જહેમત ઉઠાવી હતી.

તંત્રી લેખ

# રોજના દસ દીવા ઓલવાય છે - રાજ્યના અર્થતંત્ર પર ઘા

માનવજીવન અનમોલ હોવા છતાં રોડ પરની સલામતી અંગે આપણે હજુ પણ પૂરતા સજાગ નથી. ગુજરાતમાં રોજ ૨૫ થી ૪૫ વર્ષની ઉંમરના અનેક લોકો રોડ અકસ્માતમાં જીવ ગુમાવે છે. આ માત્ર આંકડો નથી, પરંતુ અનેક પરિવારો માટે અચાનક તૂટી પડતી આફત છે. કોઈ પરિવારનો મોભી અકસ્માતમાં મૃત્યુ પામે ત્યારે બાળકોના માથેથી પિતાની છત્રછાયા છીનવાઈ જાય છે, પત્ની પર પરિવારની જવાબદારી આવી પડે છે અને વૃધ્ધ માતા-પિતાનો સહારો પણ છીનવાઈ જાય છે. સરકારી આંકડાઓ પણ રોડ અકસ્માતની ગંભીર સ્થિતિ દર્શાવે છે. વર્ષ ૨૦૨૪માં વાહન ચલાવતી વખતે ૩,૭૭૬ લોકોએ જીવ ગુમાવ્યો હતો. તેમાં ૨૫ થી ૪૫ વર્ષની ઉંમરના ૧,૮૨૮ પુરુષોનો સમાવેશ થાય છે. પેસેન્જર તરીકે મુસાફરી કરતા મૃત્યુ પામેલા ૮૭૬ પુરુષો પણ આ જ વયજૂથના હોવાનું જણાવાયું છે. એટલે કે, વાહન ચલાવનાર હોય કે વાહનમાં મુસાફરી કરનાર, આ વયજૂથ માટે માર્ગ સલામતી ગંભીર પ્રશ્ન બની રહી છે. રોજગાર, વ્યવસાય અને પરિવારની જવાબદારી સંભાળતા લોકો અકાળે મૃત્યુ પામે ત્યારે તેની અસર માત્ર એક પરિવાર પૂરતી સીમિત રહેતી નથી, પરંતુ સમગ્ર સામાજિક અને આર્થિક વ્યવસ્થા પર પડે છે. રોડ અકસ્માત માટે માત્ર સરકાર કે તંત્રને જવાબદાર ગણવાથી સમસ્યાનો ઉકેલ આવવાનો નથી. વાહનચાલકોની બેદરકારી પણ અકસ્માતનું મોટું કારણ બની શકે છે. ૧૮ થી ૨૫ વર્ષની ઉંમરના ૯૫૯ યુવાનોના ડ્રાઈવિંગ દરમિયાન મૃત્યુ થયા હોવાના આંકડા ચિંતાજનક છે. હેલ્મેટ વગર વાહન ચલાવવું, પૂરપાટ ઝડપે બાઈક ચલાવવી, મોબાઈલનો ઉપયોગ કરવો અથવા ટ્રાફિક નિયમોની અવગણના કરવી એ જોખમી બની શકે છે. એ જ રીતે રસ્તો ક્રોસ કરતી વખતે મોબાઈલમાં ધ્યાન રાખવું, ઈયરફોનનો ઉપયોગ કરવો કે આસપાસની સ્થિતિ જોયા વગર રસ્તો પાર કરવો પણ ગંભીર અકસ્માતને આમંત્રણ આપી શકે છે. રસ્તા પર આપણે એકલા નથી. ટુ-વ્હીલર અને સાઈકલચાલકોએ પોતાની લેનમાં તથા નિયત ગતિમર્યાદામાં વાહન ચલાવવું જોઈએ. ચાર રસ્તા કે વળાંક પર આસપાસ જોયા વગર ટર્ન લેવો જોખમી છે. 'સામેવાળો જોઈ લેશે' એવી માનસિકતા અકસ્માતનું કારણ બની શકે છે. ટ્રાફિક નિયમોનું પાલન દરેક વ્યક્તિની જવાબદારી છે. રોજ થતા અકસ્માતોમાં જીવ ગુમાવનારા લોકોના આંકડાને માત્ર સંખ્યા તરીકે જોવાને બદલે માનવ સંપદાની ખોટ તરીકે જોવાની જરૂર છે. દરેક વ્યક્તિનું જીવન તેના પરિવાર અને સમાજ માટે મહત્વનું છે. અકસ્માતમાં એક વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે તેની સાથે પરિવારના સપના અને ભવિષ્ય પર પણ અસર પડે છે. રોડ અકસ્માતો ઘટાડવા માટે માત્ર દંડની કાર્યવાહી પૂરતી નથી. શાળા-કોલેજોમાં રોડ સેફ્ટી અંગે નિયમિત જાગૃતિ કાર્યક્રમો યોજવા જોઈએ. નવા ડ્રાઈવિંગ લાયસન્સ મેળવતા લોકો માટે યોગ્ય તાલીમ અને માર્ગદર્શન વધુ અસરકારક બનાવવાની જરૂર છે. પરિવારોએ પણ બાળકોને હેલ્મેટ, સીટ બેલ્ટ અને ટ્રાફિક નિયમોનું મહત્વ સમજાવવું જોઈએ. વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ ન કરવો, ગતિ મર્યાદાનું પાલન કરવું અને હેલ્મેટ-સીટ બેલ્ટનો ફરજિયાત ઉપયોગ કરવો જોઈએ. ટ્રાફિક અધિકારીઓના જણાવ્યા મુજબ નિયમોનું પાલન અને માર્ગ પર જરૂરી સાવચેતી રાખવામાં આવે તો અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. તેથી રોડ સલામતી માત્ર તંત્રની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે. ઘરે કોઈ તમારી રાહ જોઈ રહ્યું છે. તમારી નાની બેદરકારી કોઈ પરિવારનું આખું ભવિષ્ય બદલી શકે છે. તેથી રોડ પર સતર્કતા, સંયમ અને નિયમોનું પાલન જ જીવન બચાવવાનો સૌથી અસરકારક માર્ગ છે.

# વર્તમાન સમયનો સામાજિક પડકાર એટલે સાયબર ફ્રોડ

ટેક્નોલોજીના વિકાસ સાથે માનવજીવન વધુ સરળ બન્યું છે. મોબાઈલ ફોન, ઈન્ટરનેટ અને ડિજિટલ પેમેન્ટના કારણે નાણાકીય વ્યવહારો ગણતરીની મિનિટોમાં થઈ જાય છે. સરકારી સેવાઓથી લઈને બેંકિંગ અને ખરીદી સુધીની અનેક સુવિધાઓ હવે લોકોના હાથમાં આવી ગઈ છે. પરંતુ ટેક્નોલોજીની આ સુવિધાઓ સાથે સાઈબર ગુનાઓનું જોખમ પણ સતત વધી રહ્યું છે. ખાસ કરીને 'ડિજિટલ એરેસ્ટ'ના નામે થતી છેતરપિંડીમાં સાઈબર ગુનેગારો પોલીસ, કોર્ટ, તપાસ એજન્સી અથવા અન્ય સરકારી સંસ્થાના અધિકારી હોવાનો ઢોંગ કરીને લોકોને ડરાવે છે અને તેમની પાસેથી મોટી રકમ પડાવી લે છે. જરા વિચારો, શું કોઈ સર્વોચ્ચ ન્યાયિક સંસ્થા તમને ફોન કરીને ગંભીર ગુનામાં સંડોવાયેલા હોવાનું કહી શકે? શું ફોન પર કોઈ વ્યક્તિ તમારી ધરપકડના નામે તમને તાત્કાલિક નાણાં ટ્રાન્સફર કરવા કહી શકે? સામાન્ય રીતે આવા પ્રશ્નોના જવાબમાં સાવધાન થવાની જરૂર છે. છતાં સાઈબર ગુનેગારો એટલી વ્યવસ્થિત રીતે વાત કરે છે કે સામેની વ્યક્તિને શરૂઆતમાં તેમની વાત સાચી હોવાની શંકા પણ ન જાય. ફોન પર પોતાને પોલીસ અધિકારી, સીબીઆઈ, કસ્ટમ્સ, આરબીઆઈ અથવા કોર્ટના અધિકારી તરીકે ઓળખાવનાર વ્યક્તિ પીડિતને કહે છે કે તેના નામે કોઈ ગંભીર ગુનો નોંધાયો છે અથવા તેના બેંક ખાતાનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે થયો છે. ત્યારબાદ છેતરપિંડીનો બીજો તબક્કો શરૂ થાય છે. પીડિતને વીડિયો કોલ પર જોડાવા માટે કહેવામાં આવે છે. ઘણી વખત બનાવટી ઓળખપત્ર, પોલીસ યુનિફોર્મ, કોર્ટના દસ્તાવેજો, નકલી સમન્સ અથવા બનાવટી સીલ ધરાવતા કાગળો બતાવવામાં આવે છે. પીડિતને કહેવામાં આવે છે કે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને 'ડિજિટલ એરેસ્ટ' હેઠળ રાખવામાં આવ્યો છે અને તેણે ફોન અથવા વીડિયો કોલ બંધ ન કરવો. આ દરમિયાન તેના પરિવાર સાથે વાતચીત કરવા કે કોઈની મદદ લેવાની મનાઈ કરવામાં આવે છે. સતત ધમકી અને માનસિક દબાણ ઊભું કરીને પીડિત પાસેથી પૈસા ટ્રાન્સફર કરાવવામાં આવે છે. આ પ્રકારની છેતરપિંડીમાં ગુનેગારોની સૌથી મોટી શક્તિ લોકોનો કાયદા પ્રત્યેનો ડર છે. 'તમારા નામે વોરંટ છે', 'તમારું ખાતું મની લોન્ડરિંગમાં વપરાયું છે', 'તમારા આધારકાર્ડનો દુરુપયોગ થયો છે' અથવા 'તમારી સામે કેસ નોંધાયો છે' જેવા શબ્દો સાંભળતાં જ ઘણી વ્યક્તિઓ ગભરાઈ જાય છે. ગુનેગારો આ ગભરાટનો લાભ લઈને પીડિતને વિચારવાનો સમય આપતા નથી. તેઓ તાત્કાલિક કાર્યવાહી કરવાની ધમકી આપે છે અને કહે છે કે જો પૈસા ટ્રાન્સફર નહીં કરો તો ધરપકડ થશે અથવા વધુ ગંભીર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. કેટલાક



કિસ્સાઓમાં છેતરપિંડી કરનારાઓ પીડિતને લિંક મોકલીને તેના પર ક્લિક કરાવે છે. ત્યારબાદ મોટા ન્યાયાલય અથવા સરકારી સંસ્થાના નામ અને લોગોવાળા બનાવટી દસ્તાવેજો સ્ક્રીન પર બતાવવામાં આવે છે. દસ્તાવેજો એટલા વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવ્યા હોય છે કે સામાન્ય વ્યક્તિ માટે તેમની સાચી-ખોટી ઓળખવી મુશ્કેલ બને છે. પરંતુ સ્ક્રીન પર દેખાતો કોઈ દસ્તાવેજ પોતે જ કાયદેસર ધરપકડનો પુરાવો બની જતો નથી. કોઈ વ્યક્તિને માત્ર ફોન કે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વીડિયો કોલ દ્વારા 'ડિજિટલ એરેસ્ટ' કરવામાં આવી શકે તેવી કલ્પના જ લોકોમાં ગેરસમજ ઊભી કરે છે. આ સમગ્ર પરિસ્થિતિમાં સૌથી મહત્વની બાબત ડિજિટલ સાક્ષરતા અને કાયદાકીય જાગૃતિ છે. કોઈ અજાણ્યા વ્યક્તિનો ફોન આવે અને તે પોલીસ કે તપાસ એજન્સીનો અધિકારી હોવાનો દાવો કરે ત્યારે ગભરાવું નહીં. સૌપ્રથમ તેની ઓળખની સ્વતંત્ર રીતે ચકાસણી કરવી જોઈએ. ફોન કરનાર વ્યક્તિ દ્વારા આપવામાં આવેલા નંબર પર પરત ફોન કરવાને બદલે સંબંધિત સરકારી વિભાગની અધિકૃત વેબસાઈટ પરથી સંપર્ક નંબર મેળવીને માહિતી ચકાસવી જોઈએ. કોઈ અજાણી લિંક પર ક્લિક કરવું નહીં અને ઓટીપી, પાસવર્ડ, બેંકની વિગતો, કાર્ડની માહિતી કે અન્ય સંવેદનશીલ માહિતી કોઈને આપવી નહીં. સૌથી મહત્વનું એ છે કે કોઈ વ્યક્તિ ફોન પર ધમકી આપીને 'સુરક્ષા તપાસ', 'વેરિફિકેશન', 'જામીન' અથવા 'કેસ બંધ કરવા'ના નામે પૈસા માગે તો તરત જ સાવધાન થવું જોઈએ. સાચી તપાસના નામે કોઈ અજાણી વ્યક્તિને વ્યક્તિગત ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવાનું કારણ બની શકે નહીં. જો સામેની વ્યક્તિ વીડિયો કોલ પર પોલીસની વર્દીમાં દેખાય, પાછળ સરકારી કચેરી જેવું વાતાવરણ હોય અથવા અધિકૃત દસ્તાવેજ બતાવે તો પણ માત્ર તેના આધારે વિશ્વાસ કરવો યોગ્ય નથી. સાઈબર ગુનેગારો માત્ર ઓછું ભણેલા લોકોને જ નિશાન બનાવે છે એવું નથી. ભણેલા-ગણેલા અને ટેક્નોલોજીનો સારો ઉપયોગ કરતા લોકો પણ આવા જાળમાં ફસાઈ શકે છે. કારણ કે અહીં ટેક્નિકલ જ્ઞાન કરતાં વધુ મહત્વપૂર્ણ છે માનસિક દબાણ. ગુનેગારો પહેલા ભય ઊભો કરે છે, ત્યારબાદ પીડિતને એકલો પાડે છે અને અંતે ઝડપથી નિર્ણય લેવા માટે દબાણ કરે છે. તેથી આવી સ્થિતિમાં સૌથી પહેલું કામ ગભરાટ દૂર કરવાનું છે. જો કોઈ વ્યક્તિ આવી છેતરપિંડીનો ભોગ બને અથવા તેના ખાતામાંથી પૈસા ટ્રાન્સફર થઈ જાય તો સમય બગાડ્યા વગર સંબંધિત બેંકનો સંપર્ક કરવો અને સાયબર ક્રાઈમ અંગે ફરિયાદ નોંધાવવી જરૂરી છે. ભારતમાં સાયબર છેતરપિંડીની ઘટનામાં ૧૯૩૦ હેલ્પલાઈન નંબર પર તાત્કાલિક જાણ કરી શકાય છે. શક્ય તેટલી વહેલી ફરિયાદ કરવામાં આવે તો નાણાકીય વ્યવહારને રોકવા અથવા આગળની કાર્યવાહી કરવામાં મદદ મળી શકે છે. સાથે જ કોલના નંબર, મેસેજ, સ્ક્રીનશોટ, બેંક ટ્રાન્ઝેક્શન અને અન્ય પુરાવા સાચવી રાખવા જોઈએ. સરકાર અને પોલીસ તંત્ર દ્વારા સાઈબર જાગૃતિ માટે કરવામાં આવતા પ્રયાસોની સાથે સમાજની પણ જવાબદારી છે. શાળા-કોલેજ, કાર્યસ્થળ, ગ્રામ્ય વિસ્તારો અને રહેણાંક વિસ્તારોમાં ડિજિટલ સુરક્ષા અંગે નિયમિત જાગૃતિ કાર્યક્રમો યોજવાની જરૂર છે. ખાસ કરીને વડીલો અને પ્રથમ વખત ડિજિટલ બેંકિંગનો ઉપયોગ કરતા લોકોને અજાણ્યા ફોન, લિંક અને નાણાકીય માંગણીઓ અંગે સમજ આપવી જરૂરી છે. ટેક્નોલોજી પોતે ખતરનાક નથી; તેનો ખોટો ઉપયોગ ખતરનાક બની શકે છે. ડિજિટલ વ્યવહારો અને ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરતી વખતે થોડી સાવચેતી આપણને મોટી મુશ્કેલીથી બચાવી શકે છે. કોઈ પણ ફોન કોલથી ગભરાઈને તરત પૈસા મોકલવા નહીં, અજાણી લિંક પર ક્લિક નહીં કરવી, વ્યક્તિગત માહિતી શેર નહીં કરવી અને અધિકૃત સ્ત્રોતો મારફતે માહિતીની ખરાઈ કરવી—આ ચાર બાબતો ખાસ યાદ રાખવી જોઈએ. 'ડિજિટલ એરેસ્ટ'ના નામે થતી છેતરપિંડી સામે સૌથી મોટું હથિયાર જાગૃતિ છે. ગુનેગાર ભલે પોલીસ અધિકારીનો અવાજ કાઢે, કોર્ટના દસ્તાવેજો બતાવે કે વીડિયો કોલ પર વર્દી પહેરીને વાત કરે, પરંતુ નાગરિકે ગભરાયા વગર સત્યની સ્વતંત્ર ચકાસણી કરવી જોઈએ. યાદ રાખવું જરૂરી છે કે ડરથી લેવાયેલો નિર્ણય ઘણી વખત નુકસાન તરફ લઈ જાય છે. શાંતિ, સાવચેતી અને સમજદારીથી લેવાયેલો નિર્ણય જ સાઈબર છેતરપિંડીથી બચવાનો સૌથી અસરકારક રસ્તો છે. આજના ડિજિટલ યુગમાં સાઈબર સુરક્ષા કોઈ ટેક્નિકલ શબ્દ નથી, પરંતુ દરેક નાગરિકની દૈનિક જીવનશૈલીનો અનિવાર્ય ભાગ બની ગઈ છે.

**ડિજિટલ એરેસ્ટના જેવી કોઈ વસ્તુ જ નથી. ડિજિટલ ક્રાંતિએ ખરેખર જીવન સરળ બનાવ્યું છે, પરંતુ ઇન્ટરનેટના વ્યાપક ઉપયોગથી સાઈબર ક્રાઈમનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. આ ગુનાઓ હવે સામાન્ય વ્યક્તિઓ સુધી મર્યાદિત નથી રહ્યા; તેમણે સરકારી તંત્રો, પોલીસ દળ અને ન્યાયિક સંસ્થાઓની ઓળખને પણ પોતાના હથિયાર તરીકે વાપરવાનું શરૂ કરી દીધું છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૭૦ | ૧૮૦૫ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૫૫૨ | ૬૦૫ |
| જુવાર સફેદ | ૧૩૦૦ | ૧૪૭૨ |
| જુવાર લાલ | ૧૧૧૦ | ૧૩૭૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૨૦ |
| બાજરી | ૪૦૫ | ૪૬૪ |
| તુવેર | ૧૨૫૫ | ૧૮૪૯ |
| ચણા પીળા | ૧૨૦૦ | ૧૪૩૨ |
| ચણા સફેદ | ૧૬૦૦ | ૨૨૭૦ |
| અડદ | ૧૪૫૦ | ૧૮૫૦ |
| મગ | ૧૩૮૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૯૬૦ | ૧૩૩૦ |
| ચોળી | ૧૦૦૧ | ૧૬૩૫ |
| વટાણા | ૫૪૦ | ૯૪૦ |
| કળથી | ૫૧૬ | ૫૧૬ |
| રાજમા | ૧૮૭૫ | ૨૨૦૦ |
| સીંગદાણા | ૧૪૪૭ | ૧૮૫૦ |
| મગફળી જાડી | ૧૧૪૧ | ૧૪૮૦ |
| મગફળી જીણી | ૧૧૭૫ | ૧૬૬૮ |
| તલી | ૨૧૧૦ | ૨૭૨૮ |
| એરંડા | ૧૧૬૦ | ૧૪૭૦ |
| અજમો | ૧૯૦૦ | ૨૫૮૦ |
| સુવા | ૧૦૪૦ | ૧૭૪૦ |
| સોયાબીન | ૧૦૮૦ | ૧૨૦૬ |
| સીંગફાડા | ૧૩૦૯ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૫૭૦ | ૩૬૦૦ |
| લસણ | ૧૧૬૦ | ૨૩૫૦ |
| ધાણા | ૨૨૭૦ | ૨૮૦૦ |
| ધાણી | ૨૩૫૦ | ૨૯૦૦ |
| વરીયાળી | ૧૮૦૦ | ૨૧૬૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૨૪૫ |
| રાય | ૧૩૪૦ | ૧૮૩૫ |
| મેથી | ૯૫૦ | ૧૮૫૦ |
| અશેરીયો | ૯૫૧ | ૯૫૧ |
| કલોંજી | ૩૬૦૦ | ૪૧૪૫ |
| રાયડો | ૧૨૪૦ | ૧૫૨૪ |
| રજકાનું બી | ૭૬૦૦ | ૯૮૬૦ |
| ગુવારનું બી | ૧૧૨૦ | ૧૨૭૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૮૮૬ | ૩૭૯૨ |
| પપૈયા | ૨૦૫ | ૪૧૨ |
| બટેટા | ૯૩ | ૨૯૮ |
| ડુંગળી સુકી | ૩૩૫ | ૮૩૫ |
| ટમેટા | ૨૨૯ | ૫૪૩ |
| સુરણ | ૫૫૮ | ૭૭૨ |
| કોથમરી | ૩૨૭ | ૭૧૩ |
| મુળા | ૧૮૮ | ૩૯૨ |
| રીંગણા | ૩૪૯ | ૬૮૪ |
| કોબીજ | ૮૬ | ૧૭૭ |
| ફ્લાવર | ૨૨૮ | ૪૩૬ |
| ભીંડો | ૪૬૫ | ૮૨૨ |
| ગુવાર | ૭૭૩ | ૧૩૭૨ |
| ચોળાસીંગ | ૬૨૮ | ૧૨૩૧ |
| વાલોળ | ૫૮૭ | ૯૮૬ |
| ટીંડોળા | ૪૨૬ | ૯૭૬ |
| દુધી | ૧૧૪ | ૨૨૨ |
| કારેલા | ૩૮૫ | ૫૯૪ |
| સરગવો | ૮૧૨ | ૧૨૩૪ |
| તુરીયા | ૪૬૬ | ૭૫૪ |
| પરવર | ૪૦૩ | ૬૧૩ |
| કાકડી | ૩૭૪ | ૭૩૮ |
| ગાજર | ૨૯૨ | ૫૬૯ |
| વટાણા | ૧૮૩૪ | ૨૪૫૨ |
| તુવેરસીંગ | ૬૨૧ | ૮૧૮ |
| કંટોળા | ૧૧૨૮ | ૧૪૪૨ |
| ગલકા | ૩૦૭ | ૫૨૬ |
| બીટ | ૩૧૧ | ૫૨૪ |
| મેથી | ૬૧૨ | ૮૩૨ |
| વાલ | ૬૩૭ | ૮૪૪ |
| ડુંગળી લીલી | ૨૪૩ | ૪૧૨ |
| આદુ | ૧૪૦૫ | ૨૯૯૬ |
| મરચા લીલા | ૧૨૯ | ૪૧૦ |
| હળદર લીલી | ૮૧૨ | ૧૨૦૨ |
| લસણ લીલું | ૨૦૫૬ | ૨૫૧૪ |
| મગફળી લીલી | ૫૧૭ | ૮૨૪ |
| મકાઇ લીલી | ૧૫૭ | ૩૦૨ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૮૦૧ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૯૬ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૭૦૦ |
| મગફળી જીણી | ૯૫૧ | ૧૬૬૧ |
| સિંગદાણા જાડા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૭૨૧ |
| એરંડા/એરંડી | ૧૨૯૬ | ૧૫૦૧ |
| જીરૂ | ૨૨૫૧ | ૪૩૪૧ |
| કલોંજી | ૨૧૦૦ | ૪૧૮૧ |
| ધાણા | ૨૪૦૧ | ૨૯૨૧ |
| લસણ સુકુ | ૧૦૧૧ | ૨૨૪૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૯૦૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૮૬૧ |
| તુવેર | ૮૫૧ | ૧૮૦૧ |
| રાય | ૧૦૫૦ | ૧૪૫૧ |
| મેથી | ૯૨૬ | ૧૫૫૧ |
| સુવાદાણા | ૧૩૫૧ | ૧૩૫૧ |
| કાંગ | ૩૫૧ | ૭૦૧ |
| મગફળી જાડી | ૯૦૧ | ૧૫૨૬ |
| મગફળી ૬૬ | ૧૪૬૧ | ૧૭૬૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૭૦૧ |
| ધાણી | ૨૫૦૧ | ૨૯૭૧ |
| બાજરો | ૩૦૧ | ૪૨૧ |
| જુવાર | ૬૧૧ | ૧૪૨૧ |
| મકાઇ | ૫૨૧ | ૫૩૧ |
| મગ | ૬૨૬ | ૧૭૭૧ |
| વાલ | ૯૭૬ | ૯૭૬ |
| ચોળા/ચોળી | ૯૦૧ | ૧૪૬૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૧૫૧ |
| ગોગળી | ૭૦૧ | ૧૩૬૧ |
| વટાણા | ૪૧૧ | ૮૫૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૧૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૧૮૦ | ૨૬૦૦ |
| શક્કરીયા | ૮૦૦ | ૧૪૦૦ |
| કેરી કાચી | ૨૦૦૦ | ૩૦૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૭૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૮ |
| તાંજરીયા પુરા | ૨ | ૫ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૧૬૦ | ૩૦૦ |
| પચકારુ | ૧૬૦ | ૨૦૦ |
| ચૂરણ | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૮૦ | ૮૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૪ | ૧૫ |
| સરગવો પુરા | ૩૦ | ૫૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૬૦૦ | ૯૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૬૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૮ | ૧૨ |
| પાલક પુરા | ૫ | ૧૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૨૦ | ૨૩૦ |
| રીંગણા | ૪૫૦ | ૮૧૦ |
| ફ્લાવર | ૪૨૦ | ૫૫૦ |
| કોબીજ | ૧૪૦ | ૨૬૦ |
| શકકરીયા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ટમેટાં | ૫૫૦ | ૫૯૦ |
| સુરણ | ૯૩૦ | ૧૦૪૦ |
| ગાજર | ૫૨૦ | ૫૮૦ |
| દુધી | ૨૨૦ | ૩૦૦ |
| કારેલા | ૪૫૦ | ૫૫૦ |
| ગલકા | ૪૦૦ | ૫૨૦ |
| કાકડી | ૪૧૦ | ૬૨૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૩૦ |
| ચોળા લીલા | ૭૫૦ | ૮૫૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૬૭૦ | ૭૯૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૫૫૦ | ૬૮૦ |
| સરગવો | ૧૧૫૦ | ૧૩૫૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૬૦૦ | ૮૪૦ |
| લસણ સુકું | ૧૬૦૦ | ૨૩૫૦ |
| પાલક | ૬૫૦ | ૭૫૦ |
| લીબુ | ૧૪૦૦ | ૨૮૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૨૦ |
| વાલ | ૮૫૦ | ૯૫૦ |
| ચિભડા | ૪૦૦ | ૭૫૦ |
| શીંગઓળા | ૮૦૦ | ૯૦૦ |
| લીલીતુવેર | ૧૦૫૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૫૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૪૦ | ૧૮૯૦ |
| કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૪૫૦ |
| મગફળી | ૧૨૧૦ | ૧૩૨૦ |
| જીરૂ | ૩૫૭૦ | ૪૧૭૫ |
| ચણા | ૧૨૪૦ | ૧૩૩૦ |
| ઘઉં | ૫૦૫ | ૫૫૧ |
| મગ | ૧૭૧૦ | ૧૯૦૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી નવી | ૧૧૫૫ | ૧૩૭૬ |
| બાજરી હાઈબ્રીડ | ૪૧૧ | ૪૯૭ |
| ઘઉં | ૫૧૫ | ૫૭૩ |
| જુવાર | ૧૧૦૦ | ૧૩૩૫ |
| ચોળી | ૮૦૦ | ૧૫૨૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચણા | ૧૨૫૦ | ૧૩૬૩ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૪૨૮ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૪૨૨ |
| સોયાબીન | ૯૦૦ | ૧૧૪૭ |
| ડાંગર | ૯૦૦ | ૧૧૧૫ |
| રજકો | ૭૫૦૦ | ૯૩૦૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ A ગ્રેડ | ૧૬૫૧ | ૧૮૦૦ |
| કપાસ B ગ્રેડ | ૧૨૭૬ | ૧૬૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૫ |
| જુવાર સફેદ | ૧૧૬૧ | ૧૧૬૧ |
| ઘઉં | ૩૫૧ | ૫૦૦ |
| મગ | ૧૪૯૦ | ૧૪૯૦ |
| બાજરો | ૪૨૬ | ૪૨૬ |

**જામનગર**

| | | |
|---|---|---|
| બાજરી | ૪૦૦ | ૪૨૦ |
| ઘઉં | ૪૮૩ | ૫૬૧ |
| અડદ | ૧૬૩૦ | ૧૭૯૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૩૦ |
| ચણા | ૧૨૭૧ | ૧૪૦૮ |
| ચણા સફેદ | ૧૫૭૦ | ૨૦૦૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૪૪૫ |
| એરંડા | ૧૨૦૦ | ૧૪૬૧ |
| તલી | ૧૭૧૫ | ૨૩૪૦ |
| રાયડો | ૯૦૦ | ૧૪૭૧ |
| લસણ | ૧૦૦૦ | ૨૧૫૦ |
| કપાસ | ૧૬૪૦ | ૧૮૭૫ |
| જીરૂ | ૩૭૪ | ૪૩૪૫ |
| અજમો | ૨૦૨૫ | ૩૬૨૫ |
| અજમા ની ભૂસી | ૭૦ | ૨૭૨૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૮૦૦ |
| ડુંગળી નાસીક | ૬૦૦ | ૮૨૫ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૪૦૦ | ૬૫૦ |

# સોના-ચાંદીના ભાવમાં ઘટાડો, સોનું રૂ. ૧.૪૮ લાખે પહોંચ્યું

**આ અઠવાડિયે ૧૦ ગ્રામ સોનામાં રૂ.૪,૦૦૦નો ઘટાડો, ચાંદીના ભાવમાં પણ રૂ.૧૧,૫૨૧નો ઘટાડો**




અમદાવાદ, તા.૦૨

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના જણાવ્યા અનુસાર, ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ રૂ.૧.૫૨ લાખથી ઘટીને રૂ.૧.૪૮ લાખ પર આવી ગયો છે. એટલે કે સોનાના ભાવમાં આશરે રૂ.૪,૦૦૦નો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, એક કિલો ચાંદીનો ભાવ રૂ.૧૧,૫૨૧ ઘટીને રૂ.૨.૨૧ લાખ થયો છે. અગાઉ તા.૨૫ સપ્ટેમ્બરે ચાંદીનો ભાવ રૂ.૨.૩૨ લાખ પ્રતિ કિલો હતો. આમ, આ અઠવાડિયે ચાંદીના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. ગાંધી જયંતીના અવસરે તા.૨ ઓક્ટોબરના રોજ બજારમાં કારોબાર બંધ રહેશે. આગામી દિવસોમાં સોના-ચાંદીના ભાવમાં વધુ વધઘટ થવાની શક્યતા છે.

# ખાંડનો ઓપનિંગ સ્ટોક દાયકામાં સૌથી નીચો, નિકાસ પ્રતિબંધની શક્યતા



અમદાવાદ, તા.૦૨

નવી ખાંડ સીઝન ૨૦૨૬-૨૭ની શરૂઆતમાં મિલો પાસે ખાંડનો ઓપનિંગ સ્ટોક ઘટીને ૩.૭૫ મિલિયન ટન થયો છે, જે એક દાયકાથી વધુ સમયગાળામાં સૌથી નીચો હોવાનું ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું છે. આ સ્થિતિને કારણે ખાંડની નિકાસ પર ફરી પ્રતિબંધ લાદવાની શક્યતા વધી છે. અગાઉ તા.૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ કેરી-ફોરવર્ડ સ્ટોક પાંચ મિલિયન ટન હતો. ખાંડનું ઉત્પાદન ૨૦૨૧-૨૨માં ૩૫.૮ મિલિયન ટનથી ઘટીને ૨૦૨૫-૨૬માં આશરે ૨૮.૧ મિલિયન ટન થયું છે. દરમિયાન સરકારે ભાવ નિયંત્રણ માટે એક મિલિયન ટન કાચી ખાંડની ડ્યુટી-ફ્રી આયાતને મંજૂરી આપી હતી. મે ૨૦૨૬માં લાગુ કરાયેલ નિકાસ પ્રતિબંધ ૩૦ સપ્ટેમ્બરે સમાપ્ત થયો છે.

## શબ્દ સંજોગ-૨૨૭૪



**આડી ચાવી :**
(૧) ધૃતરાષ્ટ્રની માતા (૩)
(૩) એકજાતની બંદૂક (૪)
(૬) એક તેજાનો (૩)
(૮) લાખ રીતે (૩)
(૧૦) ઈનસાફ (૨)
(૧૨) પવિત્ર, પ્રમાણિક (૨)
(૧૩) ".........રે જૂઠ મત બોલો" (૩)
(૧૫) ઈરાદો, મતલબ (૨)
(૧૬) ઉણપ, ખામી (૨)
(૧૭) જોવુ તે, દ્રષ્ટિ (૩)
(૧૮) સરોવર કે મોટી નદીમાંથી ખોદેલો મોટો કાંસ (૩)
(૨૨) થોડા રૂની ઓઢવાની એક પ્રકારની ગોદડી (૩)
(૨૪) ફિલ્મક્ષેત્રે અપાતો દાદા સાહેબ..એવોર્ડ (૩)
(૨૬) જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
(૨૮) દાવાનળ (૨)
(૨૯) વિતેલા જમાનાના જાણીતા સંગીતકાર (૬)
(૩૧) રમતમાં આવતો વારો (૨)
(૩૨) દેવને ધરાવવાનો પ્રસાદ (૨)

**ઉભી ચાવી :**
(૧) ઉચિત મત્રોચ્ચાર સાથે શરીરના જુદા જુદા ભાગને હાથથી સ્પર્શ કરવો તે (૪)
(૨) સમય, વખત (૨)
(૩) મોહ, મમતા (૨)
(૪) સપાટ પાટિયુ (૩)
(૫) ધ્યાન, ઉદેશ (૨)
(૭) દક્ષિણાપથને ઉતરાપથ વચ્ચેની પર્વતમાળા (૨)
(૯) મનસૂબો (૩)
(૧૧) યજ્ઞ કરવો તે (૩)
(૧૨) પવિત્ર, શુધ્ધ (૩)
(૧૪) નજર આગળથી ખસે નહિ તેટલા પૂરતી કેદ (૫)
(૧૬) અદબ, સભ્યતા (૪)
(૧૯)વાળ (અ) (૨)
(૨૦) નાખુશ (૨)
(૨૧) આંખનુ એક અંજન (૩)
(૨૩) સાંજ, સંધ્યા (અ) (૪)
(૨૫) વહેતા પાણીમાં થતુ કૂંડાળુ-ભમરો (અ) (૩)
(૨૭) સહેવુ-ખમવુ તે (૩)
(૩૦) આબુ પર્વત પર આવેલુ તળાવ (૨)

## શબ્દ સંજોગ-૨૨૭૩ જવાબ

**આડી ચાવી** : (૧) દરખાસ્ત (૪) ફારગતિ (૭) સરકાર (૯) લક (૧૦) સસલુ (૧૨) રબ (૧૪) વાળ (૧૫) ગીર (૧૭) નેચર (૧૯) તલ (૨૧) રાવી (૨૨) સદૂર (૨૪) નખ (૨૬) પંજો (૨૭) બારદાન (૩૦) તસુ (૩૨) ણમર(મરણ) (૩૩) બાબત. **ઉભી ચાવી** : (૧) દરકાર (૨) ખાસડું (૩) સ્તર (૪) ફારસ (૫) ગલ (૬) તીકમ (૮) કાસળ (૧૧) લુંગી (૧૩) બનેવી (૧૪) વારસ (૧૬) રતનજોત (૧૮) ભોર (૨૦) લખ (૨૧) રામબાણ (૨૩) ફળ (૨૫) મદાર (૨૮) રમ (૨૯) રાબ (૩૧) સુદ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખેલ મહાકુંભની તાલુકા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં કુંકાવાવની વ્રજ વિદ્યાલયે સિદ્ધિ મેળવી

અમરેલી, તા.૦૨

મોટી કુંકાવાવની વ્રજ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત યોજાયેલી તાલુકા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ ગૌરવભેર રોશન કર્યું હતું. અંડર-૧૭ કેટેગરીમાં રાજલબેન વાળાએ ૮૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમ, હેમાંગીબેન ભુવાએ ૪૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. જ્યારે પ્રિયાંશીબેન ડોબરીયાએ ૪૦૦ મીટર દોડમાં ચોથો તથા પૂર્વાંશીબેન ગોહિલે ગોળાફેંક સ્પર્ધામાં ચોથો ક્રમ મેળવ્યો હતો. અંડર-૧૧ કેટેગરીમાં અમરેલીયા ગોપી અને શેલડીયા ધાર્મિએ લાંબી કૂદમાં દ્વિતીય ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

વિદ્યાર્થીઓએ મર્યાદિત સમયની તૈયારી હોવા છતાં મહેનત, શિસ્ત અને આત્મવિશ્વાસ સાથે સ્પર્ધામાં ભાગ લઈ સફળતા મેળવી હતી. વિદ્યાર્થીઓની આ સિદ્ધિને લઈ શાળાના ટ્રસ્ટી વસંતભાઈ મોવલિયા, પ્રતિનિધિ ઉદયભાઈ દેસાઈ, આચાર્ય તથા સંચાલક વિવેકભાઈ દીક્ષિત, પંકજભાઈ સહિત સમગ્ર સ્ટાફ પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આગામી સમયમાં જિલ્લા અને રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં પણ વધુ સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**મોટી કુંકાવાવની શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી તાલુકા કક્ષાએ સ્થાન મેળવ્યું**

# લીલીયા ગ્રામ પંચાયત કચેરી ખાતે ગ્રામ સભા યોજાઈ, વિવિધ પ્રશ્નોને લઈ ગ્રામજનો દ્વારા ઉગ્ર રજૂઆત

**નલ સે જલ અને ભૂગર્ભ ગટર યોજનાના નબળા કામો સામે લોકોનો આક્રોશ**

લીલીયા,તા.૦૨



લીલીયા મોટા ગ્રામ પંચાયત કચેરીના પટાંગણમાં સરપંચ વિજય શેખલીયા તથા સચિવ આકાશ દેલવાડીયાની ઉપસ્થિતિમાં ખાસ ગ્રામસભા યોજાઈ હતી. જેમાં સ્મશાન રોડ પરની ગંદકી દૂર કરવા, પાણીના ખાડા રિપેર કરવા, સરસ્વતી સ્કૂલ અને આંગણવાડી પાસે કોઝવે બનાવવા સહિતના પ્રશ્નો અંગે રજૂઆતો થઈ હતી. નલ સે જલ તથા ભૂગર્ભ ગટર યોજનાના નબળા કામો સામે લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો. વિવિધ વિસ્તારોમાં રોડ, ગટર, પાણીની લાઈન, પેવર બ્લોક અને સ્ટ્રીટ લાઈટ અંગેની સમસ્યાઓ પણ રજૂ કરાઈ હતી. પીપળવા રોડ ફાટક પાસેના રોડના ખાડા પુરવા તથા અકસ્માત નિવારવા સ્પીડ બ્રેકર મુકવાની માંગ કરાઈ હતી. વાસ્મો યોજનાનું કામ પૂર્ણ થયેલા વિસ્તારોમાં ૧૫ દિવસમાં પાણી વિતરણ શરૂ કરવાની રજૂઆત થઈ હતી. દરમિયાન લીલીયા પોલીસે BNS, BNSS અને BSA સહિતના નવા કાયદાઓ અંગે ગ્રામજનોને જાગૃત કર્યા હતા.

# કોડીનારમાં આંગણવાડી કેન્દ્રમાં પોષણ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કોડીનાર,તા.૦૨



કોડીનારમાં આઈસીડીએસ દ્વારા આંગણવાડી કેન્દ્ર નં.૧૮ ખાતે મિલન સેવા અંતર્ગત પોષણ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન માતાઓને THR (Take Home Ration), સંતુલિત આહાર, માતા અને બાળકના આરોગ્ય તથા પોષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલુકા કાનુની સેવા સમિતિના પીએલવી દ્વારા કિશોરીઓને "બાળ લગ્ન મુક્ત ભારત" અભિયાન અંતર્ગત બાળ કિશોરીઓને બાળ લગ્નથી શિક્ષણ, આરોગ્ય અને ભવિષ્ય પર થતી અસરો વિશે સમજાવવામાં આવ્યું હતું.

# જાફરાબાદના બાબરકોટ ગામે ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન યોજાયું

જાફરાબાદ,તા.૦૨



તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદના બાબરકોટ ગામે ગાંધી જયંતિ નિમિત્તે મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા, સેવા અને શ્રમની ભાવનાને જીવનમાં ઉતારવાના ઉદ્દેશ્ય સાથે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ- યુનિટ નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સના કર્મચારીઓ, બાબરકોટ ગામના આગેવાનો, ગ્રામજનો તેમજ શાળાના શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને ગામમાં સાફ-સફાઈ કરી શ્રમદાન કર્યું હતું. કર્મચારીઓ અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વચ્છ અને સ્વસ્થ ગામના નિર્માણમાં યોગદાન આપ્યું હતું. આ અભિયાન દરમિયાન ગામમાં સ્વચ્છતા જાળવવા અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. સ્વચ્છતા માત્ર એક દિવસ પૂરતી મર્યાદિત ન રહે અને દરેક નાગરિક પોતાની જવાબદારી સમજી ગામને સ્વચ્છ રાખે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. અભિયાન થકી ગ્રામજનોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવાઈ હતી.

# ચિત્ર સ્પર્ધામાં સા.કુંડલા કે.કે. હાઈસ્કૂલની વિદ્યાર્થીની પ્રથમ



સાવરકુંડલા,તા.૦૨

સાવરકુંડલા ખાતે વિકસિત ભારત-૨૦૪૭ તથા સેવા અને સુશાસન અંતર્ગત તાલુકા કક્ષાની ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નૂતન કેળવણી મંડળ સંચાલિત કે.કે. હાઈસ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી વિંઝુડા જાનવીએ ઉત્કૃષ્ટ ચિત્ર રજૂ કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જાનવીએ પોતાની સર્જનાત્મકતા અને કલાત્મક અભિવ્યક્તિથી નિર્ણાયકોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.

# સોનગઢમાં યોજાયેલા રાજ્ય કક્ષાના ગણિત મહોત્સવમાં ચલાલાની રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલની દીકરીઓ ઝળકી

ચલાલા,તા.૦૨







ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબ અને મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમ–સોનગઢ આયોજિત ૨૦માં રાજ્ય કક્ષાના ગણિત મહોત્સવ- ૨૦૨૬માં રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ - ચલાલાની વિદ્યાર્થીનીઓએ ઝળહળતી સફળતા મેળવી છે. આ પ્રસંગે ખગોળશાસ્ત્રી ડૉ. જે.જે. રાવલ, નાસાના ડૉ. એકતા શાહ, ઈસરોના પરેશ સરવૈયા, રમણ સાયન્સના ડૉ. ચંદ્રમૌલી જોશી અને મહેશભાઈ મહેતા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવમાં શાળાની દીકરીઓએ "Mystery of Pi (π)" વિષય પર પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. જેમાં ઠાકર પલ દેવાંગભાઈએ પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ તેમજ ક્વિઝ સ્પર્ધામાં રાઠોડ રીમા અને ધાંધલ્યા મહેશ્વરીએ દ્વિતીય ક્રમ સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. પ્રાધ્યાપક શુભમભાઈ પાટીલના માર્ગદર્શન અને ડાયરેક્ટર શીતલબેન મહેતાની ઉપસ્થિતિમાં મળેલી આ સિદ્ધિ બદલ સંસ્થાના વડા ડૉ. રતિદાદાએ વિદ્યાર્થીનીઓને અભિનંદન સહ આશીર્વાદ પાઠવ્યા હતા.

# ગાંધી જયંતીના દિવસે અમરેલીમાં મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ખાદીની ખરીદી કરી

અમરેલી, તા.૦૨



તસવીર : કૈલાશ ભટ્ટ

ગાંધી જયંતી નિમિત્તે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અમરેલીના ખાદી ગ્રામ ખાતે ખાદીની ખરીદી કરવા પહોંચ્યા હતા. તેમણે મહાત્મા ગાંધીજીના સ્વદેશી અને આત્મનિર્ભરતાના વિચારોને આગળ વધારવા ખાદી અપનાવવાનો સંકલ્પ કર્યો હતો. તેમણે ખાદી અપનાવી આત્મનિર્ભર ભારતના સંકલ્પને મજબૂત બનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે અમરેલી ખાતે ગાંધી જયંતી નિમિત્તે યોજાયેલી સ્વચ્છતા રેલીનો પણ પ્રારંભ કરાવ્યો હતો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા અને સ્વસ્થ સમાજના સંદેશને જનજન સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે યોજાયેલી રેલીમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. આ ઉપરાંત મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રધ્ધાસુમન અર્પિત કર્યા હતા. તેમણે સત્ય, અહિંસા અને સ્વચ્છતાના વિચારોને જીવનમાં ઉતારી રાષ્ટ્રસેવાના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો.

# ધારીમાં કુહાડીથી હુમલો કરનાર આરોપીઓનું રિકન્સ્ટ્રક્શન કરાયું

ધારી, તા.૦૨



તસવીર : સંજય વાળા

ધારી શહેરના પ્રેમપરા વિસ્તારમાં બે દિવસ પહેલા કુહાડીથી હુમલો કરવાના બનાવને લઈને પોલીસે આરોપીઓનું રિકન્સ્ટ્રક્શન હાથ ધર્યું હતું. ધારી પોલીસ દ્વારા આરોપીઓને સાથે રાખી ઘટનાસ્થળે લઈ જવામાં આવ્યા હતા અને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પંચોની હાજરીમાં આરોપીના ઘરેથી હુમલામાં ઉપયોગમાં લેવાયેલું હથિયાર પણ કબજે કરવામાં આવ્યું હતું. પોલીસે સમગ્ર કાર્યવાહી દરમિયાન જરૂરી પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરી હતી.

# ટેકાના ભાવની ખરીદીમાં માર્કેટ યાર્ડને અડધો ટકા માર્કેટ શેષ આપવા માંગણી

અમરેલી,તા.૦૨

**યાર્ડમાં ગોડાઉન, વીજળી સહિતની સુવિધાઓનો ઉપયોગ થતો હોવાથી વહીવટી ખર્ચ અને સ્ટાફના પગાર માટે માર્કેટ શેષ પુનઃ શરૂ કરવાની રજૂઆત**

ગુજરાત રાજ્યના ૧૭૦થી વધુ માર્કેટિંગ યાર્ડમાં ખરીફ અને રવી સિઝનમાં કેન્દ્ર સરકાર તથા નાફેડ દ્વારા મગફળી, કપાસ, ચણા, તુવેર, મગ, અડદ, દિવેલા, ડુંગળી અને ડાંગર સહિતની જણસોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. અગાઉ આ ખરીદી પર યાર્ડને અડધો ટકા માર્કેટ શેષ મળતો હતો, જે છેલ્લા આઠ વર્ષથી બંધ છે. તેને ફરી શરૂ કરવા કૃષિ મંત્રી, કિસાન મોરચા ગુજરાતના પ્રમુખ તથા ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનને રજૂઆત કરવામાં આવી છે. ટેકાના ભાવની ખરીદીમાં યાર્ડના ગોડાઉન, વીજળી, કેન્ટીન અને અન્ય સુવિધાઓનો ઉપયોગ થાય છે. તેથી યાર્ડના હિતમાં માર્કેટ શેષ ચૂકવવાની માંગ કરવામાં આવી છે.

# બાબરા વોર્ડ નં. ૨માં આંગણવાડી ઉત્સવની રંગેચંગે ઉજવણી

બાબરા,તા.૦૨



સેવા સમર્પણ ઉત્સવ અભિયાન અંતર્ગત બાબરા શહેરના વોર્ડ નં. ૨માં આંગણવાડી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આંગણવાડીના ભૂલકાઓ અને લાભાર્થી બહેનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રસંગે નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ રમેશભાઈ પરવાડીયા, શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખર, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ લાભાર્થી બહેનો સાથે સંવાદ કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ બાળકોને હૂંફ અને પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં બાળકોના વિકાસ, પોષણ અને મહિલા સશક્તિકરણ અંગે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

**CHANGE OF NAME**

I the undersigned, FARIDABANUBAI, have changed my name from MOTANI FARIDABEN ASHRAFALI to FARIDABANUBAI.Henceforth, I shall be known as FARIDABANUBAI for all purposes.

Sd/- FARIDABANUBAI
Address: Jafar Jamadar Street,
Near Old Sub Jail, Kasbavad,
Amreli –365601, Gujarat, India

**વિષયઃ—દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-લીલીયા, મોજે:-એકલેરાના ખેડ ખાતા નં.૭૩૮ જેના સર્વે નં. ૧૫૩/૨ પૈકી ૨ નુ ક્ષેત્રફળ:-૨-૨૧-૫૭ જેનો આકાર રૂા.૧૭.૨૮પૈસા હે.આરે.ચો.મી. છે. મોજે :-સનાળીયાના ખેડ ખાતા નં.૨૨૧ જેના સર્વે નં. ૧૫૦ પૈકી ૩ નુ ક્ષેત્રફળ –૧–૪૬–૭૦ જેનો આકાર રૂા.૮ ૧૫ પૈસા હે.આરે. ચો.મી. જે જુની શરતની છે.જે ખેતીની પીયત તથા બિન પીયત જમીન સદરહુ જમીન ના માલીક, કબજેદાર અને ધારણકર્તા (૧) પિયુષભાઈ ગોવિંદભાઈ વેકરીયા, (૨) કાળુભાઈ મનજીભાઈ સાવલીયાના સ્વતંત્રનામે ચાલી આવેલ છે. મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા,કલીયર માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલક્તમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હિત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે.જેથી સદરહુ મિલકત માજો કોઈનો વાંધો વિરોધ કે હકક,હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હક્ક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓ એ નીચેના સરનામે દિન-૭ મા પુરાવા સહિત લેખીત જાણ કરવી.જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલકતમાં કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હક, હિત, હિસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી, જેની જનતા ને નોંધ લેવી.

**સરનામુઃ-દેવ કોર્પોરેટ ઓફીસ**
**ગ્રામ પંચાયત કચેરીની સામે,**
**લીલીયા મોટા–૩૬૫૫૩૫**
**મો. ૮૪૬૦૪૪૮૧૮૨,મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨**

**સહી,**
**લી.આપનો વિશ્વાસુ**

# વલ્લભીપુરમાં કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાના હસ્તે નિર્દોષાનંદજી હોસ્પિટલના ટ્રસ્ટીનું સન્માન

વલ્લભીપુર, તા.૦૨



વલ્લભીપુર મુકામે ભારત સરકારના મંત્રી નિમુબેન બાંભણિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલમાં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યની વિશેષ નોંધ લઈને સંસ્થા વતી હોસ્પિટલના ટ્રસ્ટી બી.એલ. રાજપરાનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ રાજકીય કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય મંત્રીના હસ્તે હોસ્પિટલના ટ્રસ્ટી બી.એલ. રાજપરાને શાલ, પુષ્પગુચ્છ અને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે હોસ્પિટલના એડમિન પ્રશાંતભાઈ પંડ્યા, પ્રદેશ ભાજપ અગ્રણી રઘુભાઈ હુંબલ, પેથાભાઈ આહિર તેમજ ભાવનગર જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**ભાણીયા ધાવડીયા જૂથ ગ્રામ પંચાયત તા. ખાંભા**

આથી તમામ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ભાણીયા ધાવડીયા જૂથ ગ્રામ પંચાયત આંગણવાડી નં.૧૯ જર્જરિત હાલતમાં હોય તેમને પાડી અને સમતળ બનાવવા માટે આ નીવીદા પ્રસિધ્ધ કરવામાં આવે છે. તો રસ ધરાવતી પાર્ટીએ બંધ કવરમાં પોતાનુ ટેન્ડર નીચેના સરનામે તા.૧૧/૧૦/૨૦૨૬ સુધીમાં પહોચતુ કરવાનુ રહેશે. ડિપોઝીટ પેટે ૧૦૦૦ હજાર જમા કરવાના રહેશે. જે હરરાજી પત્યા પછી પરત આપવામાં આવશે. આંગણવાડી નં.૧૯ જર્જરીત હોય તેના ઉભા ઈમલાની જાહેર હરરાજી રાખેલ હોય તો રસ ધરાવતા તમામ વ્યક્તિઓએ હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે. તથા કોમ્યુનીટી હોલની અપસેટ પ્રાઈઝ રૂા. ૬૦૦૦/- નકકી થઈ છે.

**નોંધઃ હરરાજીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અબાધીત અધિકાર ગ્રામ પંચાયત ભાણીયા ધાવડીયા જૂથને રહેશે.**

| ::સ્થળ:: | :: હરરાજી સમય :: |
| --- | --- |
| આંગણવાડી કેન્દ્ર ૧૯, ધાવડીયા | સવારે ૧૧:૩૦ કલાકે, તા.૧૨/૧૦/૨૦૨૬ને સોમવાર |

**સરપંચશ્રી - ભાણીયા ધાવડીયા જૂથ ગ્રામ પંચાયત**
**તલાટી કમ મંત્રી - ભાણીયા ધાવડીયા જૂથ ગ્રામ પંચાયત**

# રાયગઢના દિયેઆગર બીચ પર પિકનિકે આવેલા પુણેના ૮ વિદ્યાર્થીઓ દરિયામાં ડૂબતા કરૂણ મોત

મુંબઈ,તા.૦૨



મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં આવેલા જાણીતા દિયેઆગર બીચ પર એક અત્યંત દર્દનાક અકસ્માત સર્જાયો છે. પુણેના આળંદી વિસ્તારમાં આવેલ 'વિનર્સ' નામના એક ખાનગી કોચિંગ ક્લાસ દ્વારા યોજાયેલી પિકનિક દરમિયાન દરિયામાં નાહવા પડેલા આઠ વિદ્યાર્થીઓ ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં ડૂબી ગયા હતા.

પાણીની ઊંડાઈનો યોગ્ય અંદાજ ન આવવાને કારણે આ અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વોટરસ્પોર્ટ્સ સંચાલકો અને ગ્રામજનોએ તાત્કાલિક દરિયામાં કૂદીને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. ભારે જહેમત બાદ તમામ આઠેય વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં આવ્યા હતા, પરંતુ શ્વાસ રુંધાવાને કારણે ઘટનાસ્થળે જ તેમના મોત નિપજ્યા હતા.પોલીસે તમામ મૃતદેહોનો કબ્જો મેળવી બોરલી પંચતણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા છે. આ સિવાય અન્ય એક ઘટનામાં પશ્ચિમ બંગાળના આસનસોલ ખાતે ડેમમાં નહાવા પડેલા ૨૦ વર્ષીય કોલેજ વિદ્યાર્થી સુપ્રિય ચક્રવર્તીનું પણ ડૂબી જવાથી મૃત્યુ થયું છે.

# મહારાષ્ટ્રમાં સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પર ટ્રક અને પિકઅપ વાન વચ્ચેની ટક્કરમાં ૭ ભક્તોના મોત, ૨૧ ઘાયલ

**પાંચ લોકોને ગંભીર હાલતમાં નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા**

મુંબઈ,તા.૦૨



મહારાષ્ટ્રના સમૃદ્ધિ હાઈવે પર ધામણગાંવ નજીક આજે સવારે એક દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો છે. બુલઢાણા જિલ્લાના શેગાંવથી દેવી દુર્ગાની મૂર્તિ લઈને વર્ધા જઈ રહેલા ભક્તોની પિકઅપ વાન અને ટ્રક વચ્ચે ગંભીર ટક્કર થઈ હતી. આ ગોઝારા અકસ્માતમાં ૭ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૨૧ લોકો ઘાયલ થયા છે.

અકસ્માત એટલો ભયાનક હતો કે પિકઅપ વાનમાં સવાર ૫ લોકોના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા, જ્યારે ૨ લોકોનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતાં જ ધામણગાંવ રેલ્વે પોલીસ અને સ્થાનિકોએ બચાવ કામગીરી હાથ ધરી ઘાયલોને ગ્રામીણ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ઘાયલોમાંથી ૪ થી ૫ લોકોની હાલત નાજુક દર્શાવવામાં આવી રહી છે. અમરાવતી ગ્રામીણ એસપી નિકેતન કદમે હોસ્પિટલ પહોંચી સ્થિતિનો તાગ મેળવ્યો હતો. પોલીસે ઘટના અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# તરનતારનમાં સરહદ પાર કરવાનો પ્રયાસ કરતા બે પાકિસ્તાની ઘૂસણખોરોને BSFએ ઠાર કર્યા

જમ્મુ,તા.૦૨

તરનતારન જિલ્લામાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર સીમા સુરક્ષા દળ (BSF)ના જવાનોએ ઘૂસણખોરીનો મોટો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. સરહદ પાર કરવાનો પ્રયાસ કરી રહેલા બે પાકિસ્તાની ઘૂસણખોરોને ચેતવણી ફાયરિંગ દરમિયાન BSFના જવાનોએ ઠાર કર્યા છે. જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળો, સેના અને સ્થાનિક પોલીસની સંયુક્ત વ્યૂહરચના અને મજબૂત ઈન્ટેલિજન્સ ઈનપુટ્સના આધારે આતંકવાદ વિરોધી અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. સેનાએ સપ્ટેમ્બર મહિનામાં વિવિધ વિસ્તારોમાંથી પાંચ પાકિસ્તાની આતંકવાદીઓને ખતમ કર્યા હતા. ગૃહ મંત્રાલયની દેખરેખ હેઠળ તમામ સુરક્ષા એજન્સીઓના બહેતર તાલમેલને કારણે ક્ષેત્રમાં સક્રિય આતંકવાદીઓની સંખ્યા ઘટીને હવે માત્ર ૨૮ થી ૩૨ જેટલી જ રહી ગઈ છે. seni અધિકારીઓ સતત જમીની પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે.

# એસસીઓ બેઠક માટે પાકિસ્તાન મુલાકાતે ભારતીય રાજદૂત, પણ પીએમ મોદીના પ્રવાસ પર સસ્પેન્સ

નવી દિલ્હી, તા.૦૨



ઈસ્લામાબાદ ખાતે યોજાયેલી એસસીઓ (SCO) રાષ્ટ્રીય સંયોજકોની બેઠકમાં ભારતના અધિક સચિવ અને નેશનલ કોઓર્ડિનેટર આલોક ડિમરીએ ભાગ લીધો હતો. બેઠક દરમિયાન તેઓ પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક દાર સાથે જોવા મળ્યા હતા, જેણે રાજકીય ક્ષેત્રે અટકળો તેજ કરી છે.

આ મુલાકાત બાદ શું વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સમિટ માટે પાકિસ્તાન જશે તે અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. જોકે, દિલ્હીના સત્તાવાર વર્તુળો અનુસાર, ભારત એસસીઓ જેવા બહુપક્ષીય મંચો સાથે જોડાયેલું રહે છે, પરંતુ વડાપ્રધાનની મુલાકાત અંગે નિર્ણય પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત સીમાપાર આતંકવાદ અને સરહદી સુરક્ષાની સ્થિતિને ધ્યાનમાં રાખીને જ લેવામાં આવશે. દ્વિપક્ષીય વાટાઘાટો અને ઉચ્ચ સ્તરીય પ્રવાસ માટે આતંકવાદ મુક્ત વાતાવરણ અનિવાર્ય શરત માનવામાં આવે છે.

# PM મોદીએ બહાદુર પાયલટ કેપ્ટન સ્મિત મચ્છર સાથે કરી વાત

નવી દિલ્હી, તા.૦૨



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બહાદુર પાયલટ કેપ્ટન સ્મિત મચ્છર સાથે વાતચીત કરી હતી. કેપ્ટન સ્મિતે વડાપ્રધાનને સમગ્ર ઘટનાની માહિતી આપતા મુશ્કેલ પરિસ્થિતિમાં તેમને હિંમત કેવી રીતે મળી તેની વાત કરી હતી. PM મોદીએ તેમની બહાદુરીની પ્રશંસા કરી હતી અને વહેલા સ્વસ્થ થવાની કામના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આખો દેશ તેમના માટે પ્રાર્થના કરી રહ્યો છે અને તેમના સ્વાસ્થ્ય માટે મહામૃત્યુંજય મંત્રના જાપ કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાને કહ્યું કે કેપ્ટન સ્મિતના સાહસ, સમજદારી અને સંયમના કારણે અનેક લોકોના જીવ બચ્યા છે.

# ગાંધી જયંતિ પર રાજઘાટ ખાતે પીએમ મોદી અને રાષ્ટ્રપતિ મુર્મ સહિતના નેતાઓએ આપી શ્રધ્ધાંજલિ

નવી દિલ્હી, તા.૦૨



મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા તેમજ કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ રાજઘાટ ખાતે પૂજ્ય બાપુની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ પણ રાજઘાટ પહોંચી બાપુને શ્રધ્ધાંજલિ આપી હતી.રાજઘાટ ખાતે આયોજિત 'સર્વ-ધર્મ પ્રાર્થના' સભામાં પણ નેતાઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત, વડાપ્રધાન મોદી અને વિપક્ષી નેતાઓએ વિજય ઘાટ પહોંચી પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની ૧૨૨મી જન્મજયંતિ પર તેમને પણ નમન કર્યા હતા. દેશભરમાં મહાત્મા ગાંધીના અહિંસા અને શાંતિના સંદેશ સાથે 'સ્વચ્છતા અભિયાન'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# જંતર-મંતર પર ઉગ્ર વિરોધ પ્રદર્શન કરતા AAP નેતાઓ સહિત ૫૦૦ થી વધુ લોકોની અટકાયત, ઈન્ટરનેટ સેવા બંધ

નવી દિલ્હી,તા.૦૨



મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવાના વિરોધમાં દિલ્હીના જંતર-મંતર ખાતે વિપક્ષી પક્ષો અને વિદ્યાર્થી સંગઠનો દ્વારા ઉગ્ર પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ થતાં દિલ્હી પોલીસે આમ આદમી પાર્ટીના નેતાઓ સૌરભ ભારદ્વાજ, આતિશી, સંજય સિંહ તેમજ યુથ કોંગ્રેસ, AISA અને SFI ના ૫૦૦ થી વધુ પ્રદર્શનકારીઓની અટકાયત કરી છે.

સુરક્ષાની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખી વહીવટીતંત્રે BNSS ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધો લાદી વિસ્તારમાં ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી દીધી છે.

ઉપરાંત રાજીવ ચોક અને સેન્ટ્રલ સેક્રેટરીએટ સહિત ૧૧ મેટ્રો સ્ટેશનો બંધ રખાયા હતા. વિપક્ષી નેતાઓએ ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન વધુ તીવ્ર બનાવવાની જાહેરાત કરી છે.

# બિહારના પૂર્વ ચંપારણમાં તળાવમાં નહાવા ગયેલી ચાર સગીર બાળકીઓ ડૂબી જતાં મોત

પટણા,તા.૦૨



બિહારના પૂર્વ ચંપારણ જિલ્લાના પહાડપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બંકટ ગામમાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. શુક્રવારે સવારે ગામ પાસે આવેલા તળાવમાં નહાવા ગયેલી ચાર સગીર બાળકીઓ ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં ડૂબી ગઈ હતી.

મૃતકોની ઓળખ સોનાવતી (૧૩), ફૂલવતી (૧૦), સોનાલી (૧૦) અને પ્રતિભા (૧૨) તરીકે થઈ છે. કિનારે ઉભેલી એક બાળકીએ ગામજનોને જાણ કરતા લોકો અને પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે ચારેય મૃતદેહો બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે સદર હોસ્પિટલ મોકલ્યા છે. જિલ્લા પ્રશાસને સરકારી નીતિ મુજબ મૃતકોના પરિવારોને યોગ્ય વળતર આપવાની જાહેરાત કરી છે.

# વિદેશી નાગરિકોને માન્ય વિઝા હોવા માત્રથી ભારતમાં પ્રવેશનો અધિકાર નહી : દિલ્હી હાઈકોર્ટ

નવી દિલ્હી,તા.૦૨

દિલ્હી હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે માત્ર માન્ય વિઝા હોવાને કારણે કોઈ પણ વિદેશી નાગરિકને ભારતમાં પ્રવેશવાની ગેરંટી કે કાનૂની અધિકાર મળતો નથી. રાષ્ટ્રીય સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પ્રવેશ આપવો કે નકારવો તે સરકાર અને ઈમિગ્રેશન અધિકારીઓનું સંપૂર્ણ અધિકારક્ષેત્ર છે.

તુર્કમેનિસ્તાનની એક મહિલાની અરજી ફગાવતા જસ્ટિસ અમિત મહાજને આ આદેશ આપ્યો હતો. બિઝનેસ વિઝા હોવા છતાં આ મહિલાની મુસાફરીની શંકાસ્પદ પેટર્ન અને ખોટી માહિતી આપવા બદલ તેને દિલ્હી એરપોર્ટ પરથી જ પરત મોકલી દેવાઈ હતી. હાઈકોર્ટે જણાવ્યું કે વિદેશી નાગરિકો માટે પ્રવેશ આપવો એ સરકારી કારોબારી સત્તાનો વિષય છે.

# ચારા કૌભાંડમાં ૨૯ વર્ષ પહેલાં જપ્ત કરાયેલા રૂ.૧.૩૩ કરોડ સરકારી તિજોરીમાં જમા કરાવવા કોર્ટનો આદેશ

નવી દિલ્હી,તા.૦૨




સીબીઆઈ (CBI) ની વિશેષ અદાલતે ચર્ચિત ચારા કૌભાંડ કેસમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સ્પેશિયલ જજ અખિલેશ કુમાર તિવારીની કોર્ટે કૌભાંડના મુખ્ય સપ્લાયર દીપેશ ચાંડકના પરિસરમાંથી ૨૯ વર્ષ પહેલાં જપ્ત કરાયેલી રૂ.૧.૩૩ કરોડની રોકડ રકમ ઝારખંડ સરકારના ખાતામાં જમા કરાવવાનો આદેશ આપ્યો છે.

તપાસ દરમિયાન જપ્ત કરાયેલી આ રકમ પર ચાંડકે કોઈ દાવો ન કરતાં સીબીઆઈની અરજી બાદ કોર્ટે આ નિર્ણય સંભળાવ્યો છે. ઉલ્લેખનીય છે કે કોલકાતામાં પડેલા દરોડા દરમિયાન આ રકમ જપ્ત કરાઈ હતી.

બાદમાં દીપેશ ચાંડક આ કૌભાંડમાં સીબીઆઈનો સરકારી સાક્ષી બન્યો હતો.

# એશિયન ગેમ્સમાં ભારતનો શાનદાર દેખાવ, એક જ દિવસે ૬ સુવર્ણ સહિત ૧૦ ચંદ્રકો જીત્યા

**મહિલા હોકી ટીમે ૪૪ વર્ષ બાદ સુવર્ણ જીત્યું, ઓલિમ્પિક માટે સીધું ક્વોલિફિકેશન મેળવ્યું**

ટોકિયો,તા.૦૨




એશિયન ગેમ્સ-૨૦૨૬માં ભારત માટે ૧૩મો દિવસ શાનદાર રહ્યો હતો. ભારતીય ખેલાડીઓએ વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં એક જ દિવસમાં ૬ સુવર્ણ, ૨ રજત અને ૨ કાંસ્ય સહિત કુલ ૧૦ ચંદ્રકો જીત્યા હતા. આ સાથે ભારતે અત્યાર સુધી ૧૬ સુવર્ણ સહિત કુલ ૭૬ ચંદ્રકો પોતાના નામે કર્યા છે અને પદકચક્રમાં ટોચના પાંચમાં સ્થાન મેળવ્યું છે. દિવસની સૌથી મોટી સફળતા ભારતીય મહિલા હોકી ટીમે મેળવી હતી. ફાઈનલમાં ભારતે ચીનને ૧-૦થી હરાવી સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. ભારતીય મહિલા હોકી ટીમે ૪૪ વર્ષના લાંબા અંતરાલ બાદ એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ જીત સાથે ભારતીય ટીમે ૨૦૨૮માં અમેરિકાના લોસ એન્જલસમાં યોજાનારા ઓલિમ્પિક માટે સીધું ક્વોલિફિકેશન પણ મેળવ્યું છે. ભારતના ખેલાડીઓના આ પ્રદર્શનથી દેશના રમતપ્રેમીઓમાં ખુશીની લાગણી ફેલાઈ છે.

# અમેરિકા-ભારત વેપાર કરારને લઈ પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ટૂંક સમયમાં ફરી વાતચીતની શક્યતા

વોશિંગ્ટન,તા.૦૨



ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર સોદા અંગેની વાટાઘાટો અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. યુએસ વેપાર પ્રતિનિધિ (USTR) જેમ્સન ગ્રીરે જી-૨૦ વેપાર મંત્રીઓની બેઠક દરમિયાન માહિતી આપતાં જણાવ્યું હતું કે બંને દેશો કરારની ખૂબ નજીક છે અને ટૂંક સમયમાં જ તેને આખરી ઓપ આપવામાં આવી શકે છે.

યુએસઆર ગ્રીરે વધુમાં જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે તાજેતરમાં ખૂબ જ સકારાત્મક વાતચીત થઈ હતી. પ્રગતિની સમીક્ષા કરવા માટે બંને નેતાઓ ટૂંક સમયમાં ફરીથી ફોન પર ચર્ચા કરી શકે છે. ભારત તરફથી વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગ્રીર સાથે મુલાકાત કરી પરસ્પર લાભદાયી વચગાળાના કરાર અંગે ચર્ચા કરી હતી. વેપાર, સંરક્ષણ, ઊર્જા અને ટેકનોલોજી જેવા મહત્વના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવાના હેતુથી આ કરારને આખરી આકાર આપવામાં આવી રહ્યો છે.

# વડિયાના અરજણસુખ ગામની સીમમાં સિંહણનો પાંચ લોકો પર હુમલો

**રાત્રે શરૂ કરાયેલ રેસ્ક્યૂ ઓપરેશન બાદ બપોરે સિંહણ પાંજરે પૂરાઇ, ક્રાંકચ એનિમલ કેર સેન્ટર ખસેડાઇ**

અમરેલી,તા.૦૨

વડિયા તાલુકાના અરજણસુખ ગામ આસપાસ સિંહણે એક બાદ એક પાંચ લોકો પર હુમલો કરતાં સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો હતો. સિંહણના હુમલામાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. બનાવની જાણ થતાં વન વિભાગની ટીમો દ્વારા રાત્રિથી જ સિંહણને શોધવા અને પકડવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આશરે રાત્રે ૧ વાગ્યાથી શરૂ થયેલી કામગીરી બાદ આજે બપોરે એક વાગ્યાની આસપાસ સિંહણને ટ્રાન્ક્યુલાઈઝ કરી પાંજરે પૂરવામાં વન વિભાગની ટીમને સફળતા મળી હતી.

મળતી માહિતી મુજબ, તા.૧ ઓક્ટોબરની રાત્રે આશરે પોણા બાર વાગ્યાના સુમારે તોરી ગામના મેહુલભાઈ મનુભાઈ વાજા અને ભગીરથભાઈ ગભરુભાઈ બસિયા અરજણસુખ ગામે પાંચમનો પ્રસંગ પૂર્ણ કરીને બાઈક પર પરત ફરી રહ્યા હતા. અરજણસુખ ગામથી અરજણસુખ પાટિયા વચ્ચે રસ્તામાં અચાનક સિંહણે બંને પર હુમલો કર્યો હતો. હુમલાના પગલે બાઈક પડી ગઈ હતી. જેમાં એક યુવકને હાથના ભાગે અને બીજાને પગના ભાગે ઈજા પહોંચી હતી.



બંનેને ૧૦૮ મારફતે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના બાદ વહેલી સવારે અરજણસુખની સીમ વિસ્તારમાં સિંહણે વધુ બે લોકો પર હુમલો કર્યો હતો. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન વન વિભાગના ગાર્ડ અનિરુધ્ધ વાળા પર પણ સિંહણે હુમલો કરતાં દોડધામ મચી હતી. સિંહણ લોકોને જોઈને હુમલો કરવા દોડી રહી હોવાથી વન વિભાગ દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન સ્કેનિંગ હાથ ધરાયું હતું. ACF રાજન જાદવ સહિત વન વિભાગની છ થી સાત ટીમો રાતથી જ સિંહણનું લોકેશન મેળવવા માટે કામગીરીમાં લાગી હતી. સિંહણની આ પ્રકારની વર્તણૂકને પગલે તેને હડકવા સહિતની કોઈ બીમારી હોવાની વન વિભાગને આશંકા છે. હવે એનિમલ ડોક્ટર દ્વારા સિંહણની આરોગ્ય તપાસ કરવામાં આવશે અને હુમલાનું કારણ જાણવા માટે જરૂરી તપાસ હાથ ધરાશે. શેત્રુંજી ડિવિઝનના ACF રાજન જાદવે જણાવ્યું હતું કે, ગત રાત્રે બે મોટરસાયકલ સવાર પર સિંહણે હુમલો કર્યો હતો, જેમાં તેમને સામાન્ય ઈજા થઈ હતી. ત્યારબાદ વન વિભાગની ટીમો દ્વારા સતત સ્કેનિંગ કરવામાં આવ્યું હતું. આજે સવારે વધુ બે લોકો તથા વન વિભાગના એક કર્મચારીને સિંહણે સામાન્ય ઈજા કરી હોવાની માહિતી મળી હતી. સિંહણનું લોકેશન મેળવી તેને પકડવામાં સફળતા મળી છે. સિંહણને ક્રાંકચ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અરજણસુખ ગામના સરપંચ કાળુભાઈએ જણાવ્યું હતું કે, ૨૪ કલાકથી ગ્રામજનો ભયના માહોલમાં હતા. સિંહણ પાંજરે પૂરાતા હવે ભયનો માહોલ દૂર થયો છે અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

## રાજકોટની સરકારી શાળાના શિક્ષકે વિદ્યાર્થિનીને નાપાસ કરવાની ધમકી આપી આચર્યું દુષ્કર્મ

રાજકોટ,તા.૦૨

શિક્ષણ જગતને કલંકિત કરતી ઘટના રાજકોટની એક સરકારી શાળામાં સામે આવી છે. ગણિતના શિક્ષક મોહિત ટાંકે ધોરણ ૮માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની સગીર વિદ્યાર્થિનીને ગણિત વિષયમાં નાપાસ કરી દેવાની ધમકી આપી અવારનવાર શારીરિક અડપલાં કર્યા હતા.

ફરિયાદ અનુસાર, જાન્યુઆરી માસમાં આરોપી શિક્ષકે સારા માર્ક્સે પાસ કરવાની લાલચ આપી વિદ્યાર્થિનીને કારમાં બેસાડી પોતાના ફ્લેટ પર લઈ જઈ તેની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ પણ માર્ચ-એપ્રિલ સુધી તેને ધમકાવી અયોગ્ય વર્તન ચાલુ રાખ્યું હતું. વિદ્યાર્થિનીએ પરિવારજનોને આપવીતી જણાવતાં તાલુકા પોલીસે પોક્સો (POCSO) એક્ટ તથા BNSની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપી શિક્ષકની ધરપકડ માટે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની ખેંચથી ઘાસચારાના ભાવમાં ભડકો થતા પશુપાલકોની હાલત કફોડી

રાજકોટ,તા.૦૨

ચાલુ વર્ષે સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં ઓછો વરસાદ પડવાના કારણે જળસંકટની સાથે સાથે પશુપાલકો માટે ઘાસચારાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. વરસાદના અભાવે ખેતરોમાં લીલા ઘાસની અછત ઊભી થતાં સૂકા ઘાસ અને મગફળીના પાલાની માંગમાં વિપુલ વધારો થયો છે, જેના કારણે ભાવમાં બે થી ત્રણ ગણો ભડકો જોવા મળી રહ્યો છે.



ગત વર્ષે રૂ.૨૫૦ થી ૩૦૦માં મળતું સૂકું ઘાસ હાલ હોલસેલમાં રૂ.૬૫૦ અને રિટેલમાં રૂ.૭૫૦ પ્રતિ મણ સુધી પહોંચી ગયું છે. આ સિવાય મગફળીના પાલાનો ભાવ પણ રૂ.૧૦૦થી વધીને રૂ.૩૦૦ પ્રતિ મણ થયો છે. ભાવ વધારાના કારણે માલધારીઓ અને પશુપાલકો પર આર્થિક બોજ વધ્યો છે. કચ્છ સહિતના વિસ્તારોના પશુપાલકોએ આક્ષેપ કર્યો છે કે રાહત દરે ઘાસચારો આપવાની સરકારી જાહેરાત છતાં પૂરતી વ્યવસ્થા થઈ નથી, તેથી વહેલી તકે સસ્તા દરે ઘાસચારો પૂરો પાડવા માંગ કરી છે.

## રાજકોટમાં મહિલા ડોક્ટરને ડિજિટલ એરેસ્ટ કરી સાયબર ઠગોએ રૂ.૫૮.૫૦ લાખ પડાવ્યા

રાજકોટ,તા.૦૨


તસવીર :પ્રતિકાત્મક

રાજકોટમાં સાયબર ગઠિયાઓએ નિવૃત્ત મહિલા ગાયનેક ડોક્ટરને ટાર્ગેટ બનાવી ફ્રોડ કેસમાં સંડોવણીનો ડર બતાવી ચાર દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ રાખ્યા હતા. ગઠિયાઓએ કાનૂની કાર્યવાહીથી બચાવવાના બહાને મહિલા પાસેથી રૂ.૫૮.૫૦ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા.

બાતમીના આધારે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે તાત્કાલિક મહિલાના ઘરે પહોંચી તેમનું કાઉન્સિલિંગ કર્યું હતું અને અન્ય રૂ.૨૧.૫૦ લાખ ટ્રાન્સફર થતાં બચાવી લીધા હતા. પોલીસે ઘટના અંગે તપાસ હાથ ધરી છે.

## અરવલ્લીના માલપુરમાં પોલીસ અને બિશ્નોઈ ગેંગ વચ્ચે સામસામે ફાયરિંગ : પોશડોડાની હેરાફેરી કરતી કાર ઝડપાઈ

અરવલ્લી,તા.૦૨

અરવલ્લી જિલ્લાના માલપુર નજીક મોરડુંગરી પાસે પોશડોડાની ગેરકાયદે હેરાફેરી રોકવા ગયેલી એલસીબી (LCB) પોલીસ અને બુટલેગરો વચ્ચે સામસામે ફાયરિંગની ઘટના બની છે. બાતમીના આધારે શંકાસ્પદ ફોર્ચ્યુનર કારને રોકવાનો પ્રયાસ કરતા આરોપીઓએ પોલીસ ટીમ પર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.



પોલીસે આત્મરક્ષણાર્થે સામો જવાબ આપતા ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જેમાં એક આરોપીના પગમાં ગોળી વાગતાં તે પકડાઈ ગયો હતો. આ અથડામણમાં એલસીબી પીઆઈ, પીએસઆઈ અને એએસઆઈને પણ નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. પોલીસે કાર તેમજ આરોપી પાસેથી બે માઉઝર પિસ્તોલ અને પોશડોડાનો જથ્થો જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં આ નેટવર્ક પાછળ કુખ્યાત બિશ્નોઈ ગેંગનું કનેક્શન સામે આવ્યું છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## એટીએસ એ ઝડપેલા રૂ.૩,૦૦૦ કરોડના ડ્રગ્સ કેસમાં પાંચેય આરોપીઓના તા.૧૩ સુધીના રિમાન્ડ મંજૂર

અમદાવાદ,તા.૦૨

ગુજરાત એટીએસ (ATS) દ્વારા ઝડપી પાડવામાં આવેલા રૂ.૩,૦૦૦ કરોડના ડ્રગ્સના મોટા જથ્થા મામલે પકડાયેલા પાંચેય આરોપીઓને આજે મેટ્રોપોલિટન કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે એટીએસની રજૂઆતો ધ્યાને લઈ આરોપી મોહમ્મદ યાકુબ બલુચી, શકિરુલ્લાહ, ફરીદુલ્લાહ, અહમદ ખાન અને વાહીદુલ્લાહ ખાનના ૧૩ ઓક્ટોબર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.



તપાસ દરમિયાન એટીએસ દ્વારા ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય નેટવર્ક, પાકિસ્તાન અને ઈરાન સાથે જોડાયેલી કડીઓ તેમજ હવાલા મારફતે થયેલા નાણાકીય વ્યવહારો અંગે ઊંડાણપૂર્વક પૂછપરછ કરવામાં આવશે. આ ઉપરાંત, આ જથ્થો તામિલનાડુની બોટ સુધી કેવી રીતે પહોંચાડવાનો હતો અને આ કાવતરામાં અન્ય કયા લોકો સંકળાયેલા છે તે અંગે પણ વિગતવાર તપાસ હાથ ધરવામાં આવશે.

## પોરબંદરમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ ભાવેશ્વર મહાદેવના દર્શનાર્થે, કેપ્ટન સ્મિત મચ્છરના સ્વાસ્થ્ય માટે કરી પ્રાર્થના

પોરબંદર,તા.૦૨

પોરબંદરની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાવેશ્વર મહાદેવ મંદિરે દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. આ દરમિયાન તેમણે વિમાનમાં સાહસ દર્શાવી મુસાફરોના જીવ બચાવનાર ગુજરાતી વીર કેપ્ટન સ્મિત મચ્છરના ઝડપી સ્વાસ્થ્ય સુધારા માટે વિશેષ પ્રાર્થના કરી હતી.



કેપ્ટન સ્મિત મચ્છર હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેમના આયુષ્ય અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે મંદિરે યોજાયેલી વિશેષ મહાઆરતીમાં મુખ્યમંત્રી સહભાગી બન્યા હતા. તેમણે રાજ્યના નાગરિકોને પણ કેપ્ટન સ્મિત મચ્છરની ઝડપી રિકવરી માટે પ્રાર્થના કરવા અપીલ કરી હતી.

## સુરતના કોસંબામાં ચકચારી ટ્રિપલ મર્ડર કેસમાં આરોપી દંપતીની કરાઈ ધરપકડ

સુરત,તા.૦૨

સુરત ગ્રામ્યના કોસંબામાં એક જ વર્ષમાં થયેલી ત્રણ હત્યાઓનો ચોંકાવનારો ભેદ ઉકેલાયો છે. પોલીસે આરોપી માધવદાસ સાધુ અને તેની પત્ની ઊર્મિલા ઉર્ફે જયા સાધુની ધરપકડ કરી છે. દંપતીએ ૨૦૨૨માં બીમારી પીડિત સાળી, લકવાગ્રસ્ત માતા અને મિલકત પચાવી પાડવાના ઈરાદે દાદી સાસુ શાંતાબેન વસાવાની ઓશિકાથી શ્વાસ રુંધી હત્યા કરી હોવાની કબૂલાત કરી છે.

હત્યા બાદ તમામ મોત કુદરતી કે બીમારીથી થયા હોવાનું દર્શાવાયું હતું. તાજેતરમાં એસડીએમ અને એફએસએલની હાજરીમાં દાદી સાસુનું કંકાલ બહાર કાઢવામાં આવ્યું હતું. પતિ-પત્ની વચ્ચેના તકરાર બાદ થયેલી પોલીસ તપાસમાં આ સમગ્ર હત્યાકાંડ બહાર આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.











